સુવિચાર

શિક્ષણ એટલે જીવનની વિકટ પરિસ્થિતિઓનો મુકાબલો કરવાની શકિત...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક






સોની બજારમાં વધુ એક બંગાળી કારીગરે વેપારીને લગાવ્યો રૂ.૭૬.૮૦ લાખનો ચુનો P-4




Year-16, Issue-24 ■ DATE : 06-05-2025 TUESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


# ગુજરાતમાં કમોસમી વરસાદનો કહેર : ૧૪ લોકોના મોત

**સર્વત્ર ચોમાસું માહોલઃ રાજયનાં ૧૬૮ તાલુકામાં દોઢ ઇંચ સુધીનો વરસાદઃ ઠેકઠેકાણે હોર્ડીંગ-વૃક્ષો-વિજતાર-થાંભલા પડયાઃ મોડીરાત્રે તોફાની પવન સાથે વરસાદ-કરાથી ડરામણો માહોલઃ રાજકોટ સહિત અમુક સ્થળોએ કરા વરસ્યા**


તસવીર : આનંદ જાવીયા





**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજ્યના અનેક જિલ્લાઓમાં કમોસમી વરસાદની અસર જોવા મળી રહી છે, હવામાન વિભાગની મુજબ સતત બીજા દિવસે (સોમવારે) પણ કમોસમી વરસાદ ખાબક્યો હતો. સોમવારે ૧૦૪ તાલુકામાં કમોસમી વરસાદ ખાબક્યો હતો. જેમાં ભાવનગરના સિહોરમાં સૌથી વધુ દોઢ ઈંચ, ભાવનગર શહેરમાં ૧ ઈંચ વરસાદનો સમાવેશ થાય છે. કેટલાક તાલુકા અને ગ્રામ્ય વિસ્તારોમાં કરા અને ભારે પવન સાથે માવઠાંના અહેવાલ પ્રાપ્ત થયા છે. ગુજરાતના મોટાભાગના સ્થળોએ વેસ્ટર્ન ડિસ્ટબર્ન્સથી ભર ઉનાળે ચોમાસા જેવો જોવા મળ્યો હતો. વરસાદ સાથે ભારે પવન ફૂંકાતા વાવાઝોડાની સ્થિતિ સર્જાઇ હતી. જેના કારણે રાજ્યભરમાં અલગ-અલગ ઘટનામાં ૨૬ પશુઓ અને ૧૪ લોકોના મોત થયા છે, જ્યારે ૧૬ લોકોને ઈજા પહોંચી છે. તો બીજી તરફ જેટલા મકાનોને નુકસાન પહોંચ્યું છે.


જેમાં સૌથી ૪ મોત ખેડા જિલ્લામાં નોંધાયા છે, જ્યારે વડોદરા શહેરમાં ૩, અરવલ્લી અને દાહોદમાં ૨-૨, અમદાવાદના વિરમગામ અને દસક્રોઈમાં ૧-૧, અને આણંદમાં ૧ વ્યક્તિનું મોત નીપજ્યું હતું.

સોમવારે સાંજના સમયે મિની વાવઝોડું ફૂંકાવાની સાથે વરસાદ પડ્યો હતો. ભારે પવનના કારણે ધૂળની ડમરીઓ ઉડતા વિઝિબિલિટી ઘટી જતા વાહન ચાલકોને મુશ્કેલી ઉભી થઇ હતી. રાજ્યના અનેક જિલ્લાઓમાં પવના કારણે ઠેરઠેર વૃક્ષો જમીનદોસ્ત થયા હતા અને રસ્તાઓ બંધ થયા હતા. લગ્નની સિઝનના કારણે કેટલાક સ્થળો મંડપ પણ પડી ગયા હતા.

હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી ૪ દિવસ ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. રાજ્ય સરકારે લોકોને બિનજરૂરી પ્રવાસ ટાળવા અને સલામત સ્થળે રહેવા માટે અપીલ કરી છે. આ ઉપરાંત ખેડૂતોને તકેદારી રાખવા માટે માર્ગદર્શિકા બહાર પડાઇ છે. ખેતરમાં પડેલો પાક ન પલળે તે માટે સાવચેતી રાખવાની સૂચના આપવામાં આવી છે.

રાજકોટ સહિત અમુક સ્થળોએ કરા પણ વરસ્યા હતા. રાજકોટ શહેરની વાત કરીએ તો ગત બપોરે ૧૧ થી ૧૨ વચ્ચે ભયંકર ગાજવીજ અને તોફાની પવન સાથે કરા અને પોણો ઇંચ જેટલો વરસાદ વરસી જતા શહેરમાં ઠંડક પ્રસરી ગઇ હતી. તોફાની વરસાદનાં પગલે અનેક સ્થળે વિજળી ગુલ થઇ ગઇ હતી તો અનેક સ્થળે બોર્ડ-છાપરા-બેનરો ઉડી ગયા હતા.

# અમરનાથ યાત્રા શરૂ થાય તે પહેલા જ ગુફામાં શિવલિંગના દર્શન થયા!



**મુખ્ય સમાચાર,શ્રીનગર**

પવિત્ર અમરનાથ ગુફામાં દર વર્ષે કુદરતી રીતે બનતા બરફના શિવલિંગનાં દર્શન માટે લાખો ભાવિકો અમરનાથ યાત્રાએ જાય છે અને આ વર્ષે ત્રીજી જુલાઈથી શરૂ થનારી આ યાત્રા પહેલાં અમરનાથ ગુફામાં શિવલિંગ બનવાની શરૂઆત થઈ ચૂકી છે.

આ વર્ષે યાત્રા શરૂ થવાના આશરે બે મહિના પહેલાં જ શિવલિંગ ભવ્ય આકાર લેતું જોવા મળી રહ્યું છે. બાબા બર્ફાનીની પહેલી ઝલક સામે આવતાં શિવભક્તોમાં ઉત્સાહ અને ખુશીની લહેર દોડી ગઈ છે.

અમરનાથ યાત્રા શરૂ થવામાં હજી બે મહિનાની વાર છે એ પહેલાં પંજાબના કેટલાક ભાવિકો અમરનાથ ગુફા સુધી પહોંચ્યા હતા અને તેમણે આ તસવીરો લીધી હોવાની જાણકારી મળી છે. આ દૃશ્ય જોવા માટે લાખો ભાવિકો આખું વર્ષ રાહ જોતા હોય છે.

જમ્મુ અને કાશ્મીરના રાજ્યપાલ અને અમરનાથ શ્રાઇન બોર્ડના અધ્યક્ષ મનોજ સિંહાએ ગઈ કાલે અમરનાથ યાત્રાની તૈયારીઓની સમીક્ષા કરી હતી. ત્રીજી જુલાઈથી શરૂ થનારી યાત્રા ૧૯ ઑગસ્ટે રક્ષાબંધનના દિવસે સમાપ્ત થશે.

# યુનો સુરક્ષા પરિષદમાં પાકિસ્તાન એકલુ પડ્યુંઃ એકપણ દેશે ટેકો ન આપ્યો



**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભારત વિરુદ્ધ પાકિસ્તાનનું દરેક પગલું તેના માટે મોંઘુ સાબિત થઈ રહ્યું છે. તાજેતરનો કિસ્સો સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની બેઠકનો છે, જ્યાં પાકિસ્તાન મદદ માંગવા ગયું હતું પરંતુ સુરક્ષા પરિષદે પાકિસ્તાનને ઠપકો આપ્યો. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના સભ્યોએ પાકિસ્તાનને કડક પ્રશ્નો પૂછ્યા અને પહેલગામ આતંકવાદી હુમલા માટે જવાબદારી નક્કી કરવા કહ્યું.

યુએનએસસીની બેઠકમાં સભ્યોએ પાકિસ્તાનને પૂછ્યું કે શું લશ્કર-એ-તૈયબા પહેલગામ આતંકવાદી હુમલામાં સામેલ છે કે નહીં. વાસ્તવમાં પાકિસ્તાન પહેલગામ આતંકવાદી હુમલાના બહાને એવું બતાવવાનો પ્રયાસ કરી રહ્યું છે કે ભારત તેના પર હુમલો કરવા માંગે છે. જોકે, સુરક્ષા પરિષદે પાકિસ્તાનના આ દલીલને ફગાવી દીધી અને તેના બદલે હુમલામાં લશ્કર-એ-તૈયબાની ભૂમિકા પર સવાલ ઉઠાવવાનું શરૂ કર્યું.

સંયુક્ત રાષ્ટ્ર પરિષદની બેઠકમાં પહેલગામ આતંકવાદી હુમલાની સખત નિંદા કરવામાં આવી હતી અને તેના માટે જવાબદારીની પણ માંગ કરવામાં આવી હતી. કેટલાક સભ્યોએ ખાસ કરીને એ હકીકત પર પ્રશ્નો ઉઠાવ્યા કે પહેલગામમાં પ્રવાસીઓને તેમના ધર્મ વિશે પૂછ્યા પછી નિશાન બનાવવામાં આવ્યા હતા. સભ્યો દ્વારા પણ આની સખત નિંદા કરવામાં આવી હતી.

પાકિસ્તાનના અનુરોધ બાદ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની બંધ બારણે બેઠક ( ક્લોઝ ડોર મીટિંગ ) યોજાઇ હતી. જોકે બેઠક બાદ કોઈ નક્કર પરિણામ ન આવતા પાકિસ્તાનને મોટો ઝટકો લાગ્યો છે.

પહેલગામ હુમલા પછી દોઢ કલાક સુધી થયેલી મીટિંગમાં કોઈ જ સત્તાવાર પ્રસ્તાવ પસાર થયો નહીં. આટલું જ નહીં બેઠક બાદ કોઈ સત્તાવાર નિવેદન પણ જાહેર થયું નહીં. જે બાદ પાકિસ્તાનની ફરી આંતરરાષ્ટ્રીય ફજેતી થઈ છે. જોકે પાકિસ્તાનના પ્રતિનિધિનો દાવો છે કે આ બેઠક થઈ એ જ મોટી વાત કહેવાય!

સુરક્ષા પરિષદની બેઠકમાં પહલગામ હુમલાની નિષ્પક્ષ તપાસની માંગ કરી. આટલું જ નહીં પાકિસ્તાને ભારત પર એકતરફી કાર્યવાહી અને આક્રમકતા બતાવવાનો આરોપ લગાવ્યો. અન્ય દેશો સામે પાકિસ્તાને મગરના આંસુ વહાવી કહ્યું કે અમે સંઘર્ષ નથી ઈચ્છતા પરંતુ ક્ષેત્રીય અખંડતાની રક્ષા કરવા માટે તૈયાર છીએ. પાકિસ્તાને આ બેઠકમાં સિંધુ સંધિ અને કાશ્મીરનો મુદ્દો પણ ઉછાળ્યો હતો.

પાકિસ્તાન ભારતથી સંપૂર્ણપણે ડરી ગયું છે. તેને વિશ્વાસ છે કે વહેલા કે મોડા ભારત તેનો બદલો લેશે. ૨૬ લોકોનાં મોતનો બદલો પાકિસ્તાનને ધૂળ ચટાવશે. આ જ કારણ છે કે પાકિસ્તાન હવે ગભરાટની સ્થિતિમાં છે. કયારેક તે યુદ્ધની ધમકી આપે છે તો કયારેક કાશ્મીર વિશે રડે છે. કયારેક તે દુનિયાને ભારત તરફથી સંભવિત હુમલાથી બચાવવા માટે અપીલ કરે છે. હા, પહેલગામ હુમલો કરનાર પાકિસ્તાને ફરી એકવાર સંયુક્ત રાષ્ટ્રનો સંપર્ક કર્યો છે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની બંધ બારણે મળેલી બેઠકમાં પાકિસ્તાને કાશ્મીરનો જૂનો રાગ છેડ્યો છે. એટલું જ નહીં, તેણે કાચિંડાની જેમ પોતાનો રંગ બદલ્યો અને કહ્યું, સાહેબ અમને શાંતિ અને વાતચીત જોઈએ છે. તેમણે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં પણ કહ્યું હતું કે ભારત તેમના પર હુમલો કરી શકે છે.

# ભારત નૌકાદળને વધુ સક્ષમ કરવા રશિયા પાસેથી એક અત્યંત આધુનિક ફ્રિગેટ મેળવશે



**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

પાકિસ્તાન સાથે વધી રહેલા યુદ્ધ તનાવ તથા હિન્દુ મહાસાગરથી છેક દક્ષિણ ચીન સમુદ્ર સુધી પણ ભવિષ્યમાં ભારતીય હિતોની જાળવણી વચ્ચે ભારતે નૌકાદળને વધુ સક્ષમ કરવા કરેલી તૈયારીઓ રશિયા પાસેથી એક અત્યંત આધુનિક ફ્રિગેટ મેળવશે. નૌકાદળ પાસે તે સાથે આ બીજી એડવાન્સ અને શક્તિશાળી યુદ્ધ જહાજ- સ્વરૂપમાં ફ્રિગેટ મળશે.

જે ઘાતક શસ્ત્રો ઉપરાંત સમુદ્રી સુરંગો શોધવાની ક્ષમતા ધરાવે છે અને અન્ડરવોટર હુમલામાં પણ તેની ભૂમિકા મહત્વની હશે. તે દુશ્મન દેશોની સબમરીનને શોધી કાઢીને તેનો નાશ કરવાની પણ ક્ષમતા ધરાવે છે.

ભારતીય નૌકાદળ અને ડિફેન્સ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ)ના નિષ્ણાંતોએ આ ફ્રિગેટના ફાયર પાવર સહિતની ક્ષમતાઓ ચકાસી હતી અને તેને હવે દરિયાઈ-અન્ડરવોટર વોર માટે વધુ સજ્જ કરાશે.

૩૯૦૦ ટનની આ ફ્રિગેટને ટુંક સમયમાં જ ભારતને સુપ્રત કરાશે. જેને આઈએનએસ તમાલ અને એક માસમાંજ તે ભારત પહોંચી જશે. ભારતે ૨૦૧૭માં રશિયા સાથે ચાર અપગ્રેડેડ આધુનિક વર્ગની ફ્રિગેટ પુરી પાડવા કરાર કર્યા હતા.

જેમાં પ્રથમ બેની ડિલીવરી હવે પુરી થશે જેના માટે રૂા.૮૦૦૦ કરોડનો ખર્ચ થયો છે અને હજુ બે આઈએનએસ ત્રિપુટ અને આઈએનએસ તપસ્યા હાલ ગોવા શિપયાર્ડમાં તૈયાર થઈ રહી છે. જેની ટેકનોલોજી રશિયા એ પુરી પાડી છે.

ભારતની પ્રથમ ફ્રિગેટ જે આઈએનએસ ત્રિશુલ છે તે ગત ફેબ્રુઆરી માસમાં ભારતને સુપ્રત કરવામાં આવી હતી. આ ફ્રિગેટમાં બ્રહ્મોસ સુપર સોનિક મિસાઈલ જે ૪૫૦ કિમીની સ્ટ્રાઈક રેન્જ ધરાવે છે.

તેનાથી તેને સજજ કરવામાં આવી છે. તે સમુદ્રમાંથી આકાશમાં પણ પ્રહારની ક્ષમતા ધરાવે છે. તે એન્ટી સબમરીન અને એન્ટી એરબોર્ન હેલીકોપ્ટર સામે પણ પ્રહાર ક્ષમતા ધરાવે છે તથા તેની સંદેશાવ્યવહાર સહિતની ક્ષમતા પણ ઉચ્ચ કક્ષાની છે.

# સિવિલ ડિફેન્સ પર ગાંધીનગર અને દિલ્હીમાં બેઠકનો દોર જારી

## ગુજરાતના કેટલાક જિલ્લામાં મોકડ્રિલઃ યુદ્ધમાં બચવાની ટ્રેનિંગ આપવામાં આવશે



**મુખ્ય સમાચાર,ગાંધીનગર**

ગૃહ મંત્રાલયમાં સિવિલ ડિફેન્સ મોકડ્રિલને લઈને ગાંધીનગર અને દિલ્હીમાં હાઈ લેવલ મિટિંગ ચાલી રહી છે. દિલ્હીમાં કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહનની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં રાજ્યોના મુખ્ય સચિવો, નાગરિક સંરક્ષણવડા સહિત ઘણા ઉચ્ચ કક્ષાના અધિકારીઓએ ભાગ લીધો છે.

કેન્દ્ર સરકારે આવતીકાલે ૭ મેના રોજ દેશના ૨૪૪ જિલ્લામાં મોકડ્રિલ કરવાનું કહ્યું છે. ગુજરાતના કેટલાક જિલ્લાઓ પણ સામેલ છે. આમાં નાગરિકોને હુમલા દરમિયાન પોતાને બચાવવા માટે તાલીમ આપવામાં આવશે. હવાઈ હુમલાની ચેતવણી આપતા સાયરન વગાડવામાં આવશે.

પાકિસ્તાન સાથે યુદ્ધની આશંકા વચ્ચે ભારતને આ મહિને રશિયા પાસેથી યુદ્ધજહાજ તમલ મળશે. રશિયા એને ૨૮ મેના રોજ ભારતીય નૌકાદળને સોંપશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, એને જૂનમાં સત્તાવાર રીતે નૌકાદળમાં સામેલ કરવામાં આવશે. આ યુદ્ધજહાજ બ્રહ્મોસ મિસાઇલથી સજ્જ હશે, જે રડાર હેઠળ પણ નહીં આવે.

આ પહેલાં પાકિસ્તાનના સંરક્ષણમંત્રી ખ્વાજા આસિફે દાવો કર્યો હતો કે ભારત ગમે ત્યારે નિયંત્રણ રેખા પર લશ્કરી કાર્યવાહી કરી શકે છે. તેમણે કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજકીય લાભ માટે આ પ્રદેશને પરમાણુ યુદ્ધની અણી પર ધકેલી રહ્યા છે.

૨૨ એપ્રિલના રોજ પહેલગામ હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધી રહ્યો છે. આ હુમલામાં આતંકવાદીઓના ગોળીબારમાં ૨૬ પ્રવાસી માર્યા ગયા હતા.

દેશમાં છેલ્લી વખત આવી મોકડ્રિલ ૧૯૭૧માં યોજાઈ હતી. ત્યાર બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થયું. આ મોકડ્રિલ યુદ્ધ દરમિયાન થઈ હતી, જોકે રવિવાર-સોમવાર રાત્રે પંજાબના ફિરોઝપુર કેન્ટોનમેન્ટમાં બ્લેકઆઉટ પ્રેક્ટિસ હાથ ધરવામાં આવી હતી. આ સમયગાળા દરમિયાન ગામડાં અને વિસ્તારોમાં રાત્રે ૯ વાગ્યાથી ૯૩૦ વાગ્યા સુધી વીજળી બંધ રહી.

# અપરાધિક કેસો સુરક્ષિત રાખ્યા બાદ લાંબા સમય સુધી ફેંસલો ન સંભળાવવા બદલ સુપ્રીમ નારાજ



**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

સુપ્રીમકોર્ટે અપરાધિક કેસો સુરક્ષિત રાખ્યા બાદ લાંબા સમય સુધી ફેસલો ન સંભળાવવા બદલ સખત નારાજગી વ્યક્ત કરી છે. સુપ્રીમકોર્ટ ગત સોમવારે દેશભરના હાઈકોર્ટ પાસેથી જવાબ માંગી છે.

જસ્ટીસ સૂર્યકાંત અને એન.કોટિશ્વરસિંહની બેન્ચે બધી હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલોને એ કેસોના બારામાં એક વિસ્તૃત રિપોર્ટ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો છે, જેમાં ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ કે તેના પહેલા ફેસલો સુરક્ષિત રાખવા છતાં હજુ સુધી ફેસલો નથી આપવામાં આવ્યો.

બેન્ચે જણાવ્યું હતું કે અપરાધિક કે સિવિલ મામલાના બારામાં અલગ અલગ જાણકારી આપવી પડશે અને એ બતાવવું પડશે કે મામલો સીંગલ બેન્ચ પાસે પેન્ડીંગ છે. બેન્ચે આ આદેશ અપરાધિક મામલામાં ૪ દોષીઓ તરફથી દાખલ અરજી પર સુનાવણી કરતા આવ્યો હતો. કોર્ટ બધી હાઈકોર્ટને રજીસ્ટ્રાર જનરલ તરફથી સુપ્રઈમ કોર્ટમાં રજુ રિપોર્ટ પર વિચાર કર્યા બાદ આપ્યો હતો.

ફેસલામાં આટલો વિલંબ અકળાવનારો જસ્ટીસ સુર્યકાંત જસ્ટીસ સુર્યકાંતે જણાવ્યું હતું કે ફેસલો સંભળાવવામાં આટલો વિલંબ અકળાવનારો છે, અમે નિશ્ચિત રીતે આ બારામાં ગાઈડલાઈન જાહેર કરશું અને ફેસલા સુરક્ષિત રાખ્યા બાદ લાંબા સમય સુધી ફેસલો નહીં સંભળાવવાની મંજુરી ન આપી શકાય. જસ્ટીસ સુર્યકાંતે એ વાત પર આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું કે ઝારખંડ હાઈકોર્ટે ફેસલો સુરક્ષિત રાખ્યા બાદ ૬૭ કેસ પર હજુ સુધી કોઈ ફેસલો નથી સંભળાવ્યો.

# સ્ટીલ-ઓટો પાર્ટસ-દવા પર શૂન્ય ટેરિફનો પ્રસ્તાવ

**ભારતે અમેરિકા સમક્ષ મૂકી નવી દરખાસ્તઃ જો અમેરિકા આ પ્રસ્તાવ સ્વીકારે તો બંને દેશો વચ્ચે વ્યાપારી સંબંધો વધુ મજબૂત બનશે**




**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભારતે વેપાર વાટાઘાટોમાં અમેરિકા સમક્ષ બંને દેશો વચ્ચે સ્ટીલ, ઓટો પાટ્ર્સ અને દવાઓ પર શૂન્ય ટેરિફનો પ્રસ્તાવ મૂકયો છે. બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, ભારતીય અધિકારીઓએ ગયા મહિને વોશિંગ્ટનમાં યોજાયેલી વાતચીત દરમિયાન આ પ્રસ્તાવ મૂકયો હતો. આ અંતર્ગત, ચોક્કસ મર્યાદા સુધીના માલ પર કોઈ આયાત શુલ્ક રહેશે નહીં.

ભારતે અમેરિકા સમક્ષ એક પ્રસ્તાવ મૂકયો છે. ભારતે સ્ટીલ, ઓટો પાટ્ર્સ અને ફાર્માસ્યુટિકલ્સ પર ચોક્કસ વોલ્યુમ સુધીની આયાત પર પારસ્પરિક ધોરણે શૂન્ય ટેરિફનો પ્રસ્તાવ મૂકયો છે. આ બાબતથી પરિચિત લોકોએ આ માહિતી આપી છે. જો અમેરિકા આ પ્રસ્તાવ સાથે સંમત થાય અથવા સ્વીકારે તો બંને દેશો વચ્ચેના વેપાર સંબંધો વધુ મજબૂત બનશે.

આ ચર્ચાઓ હજુ પણ ખાનગી સ્તરે ચાલી રહી હોવાથી, આ બાબતથી પરિચિત લોકોએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે ચોક્કસ મર્યાદા સુધી આયાત કરાયેલા માલ પર કોઈ ટેરિફ લાગશે નહીં, પરંતુ જો આયાત આ મર્યાદાથી ઉપર થશે, તો આયાતી ઔદ્યોગિક માલ પર નિયમિત સ્તરના ટેરિફ લાદવામાં આવશે. આ લોકોએ જણાવ્યું હતું કે ગયા મહિનાના અંતમાં વોશિંગ્ટનની મુલાકાતે આવેલા ભારતીય વેપાર અધિકારીઓએ દ્વિપક્ષીય વેપાર કરાર પર વાટાઘાટો ઝડપી બનાવવા માટે આ દરખાસ્ત રજૂ કરી હતી, જે આ વર્ષના પાનખર સુધીમાં હસ્તાક્ષર થવાની અપેક્ષા છે.

આ સૂત્રોએ જણાવ્યું હતું કે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ટેરિફ પર ૯૦ દિવસનો પ્રતિબંધ સમાપ્ત થાય તે પહેલાં બંને દેશો વેપાર સોદા માટે કેટલાક ક્ષેત્રોને પ્રાથમિકતા આપી રહ્યા છે.

સંકોચાતી અમેરિકન અર્થવ્યવસ્થા વચ્ચે, ટ્રમ્પે રવિવારે સૂચવ્યું હતું કે આ અઠવાડિયે કેટલાક વેપાર સોદા થઈ શકે છે, જે ઉચ્ચ યુએસ આયાત જકાત ટાળવા માંગતા વેપાર ભાગીદારોને રાહત આપશે. દક્ષિણ કોરિયા, જાપાન અને ભારત સહિત એશિયન અર્થતંત્રો તેમના વહીવટ સાથે વચગાળાના સોદા કરવાની દોડમાં આગળ છે. ભારતના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયને મોકલવામાં આવેલા ઈમેલનો હજુ સુધી કોઈ જવાબ મળ્યો નથી.

# પત્નીની ઘરેલું હિંસાથી રક્ષણ મેળવવાની અરજી વાંકાનેર કોર્ટ દ્વારા નામંજુર

## પતિ તથા સાસુ-સસરા વિરૂદ્ધ કરાયેલ ત્રાસની ફરિયાદમાં વાંકાનેર કોર્ટે આપ્યો મહત્વપૂર્ણ ચુકાદો

**મુખ્ય સમાચાર, વાંકાનેર**

વાંકાનેરના એડી. ચીફ જ્યુ. મેજી. વી.એસ. ઠાકોરની કોર્ટમાં ચાલેલા કેસમાં પત્ની દ્વારા પતિ અને સાસુ-સસરા વિરુદ્ધ ઘેરલુ હિંસા કાયદા હેઠળ કરાયેલ અરજી નામંજુર કરાઈ છે. કોર્ટે બંને પક્ષોની દલીલો અને પુરાવાઓનો અભ્યાસ કર્યા બાદ પતિ તથા તેના માતા-પિતાની તરફેણમાં ચુકાદો આપ્યો છે.

વાંકાનેરની એડીશનલ ચીફ જુડીશિયલ મેજિસ્ટ્રેટ વી.એસ. ઠાકોરની કોર્ટમાં એક મહત્વપૂર્ણ કેસમાં સિમાચિહ્‌ન ચુકાદો જાહેર થયો છે. આ કેસમાં અરજદાર પત્નીએ તેના પતિ રાજેન્દ્ર અશોકભાઈ વ્યાસ તથા તેમના માતા-પિતા વિરુદ્ધ શારીરિક અને માનસિક ત્રાસના આક્ષેપો કરતા



ઘરેલું હિંસાથી રક્ષણ મેળવવા ફોજદારી પરચૂરણ અરજી નંબર ૧૧૬/૨૦૧૯ દાખલ કરી હતી. અરજદાર તરફથી વિવિધ કલમો હેઠળ સુરક્ષા, અવકાશ અને ભથ્થાની માંગણી કરવામાં આવી હતી.

કોર્ટમાં બંને પક્ષોએ પોતાના પોતાના દાવાઓને પુરાવાઓ અને દલીલો સાથે રજૂ કર્યા હતા. અરજદાર પક્ષે પતિ તથા સાસુ-સસરા દ્વારા માનસિક અને શારીરિક ત્રાસ આપવામાં આવ્યો હોવાનો દાવો કર્યો હતો, જયારે વિરોધ પક્ષે તમામ આક્ષેપોને નકારતાં પુરાવા સહિત પોતાનું પક્ષ દાખલ કર્યું હતું. ત્યારે વાંકાનેર કોર્ટએ દરેક દલીલો અને પુરાવાઓને ધ્યાને લઈ પતિ અને તેમના માતા-પિતાની તરફેણમાં ચુકાદો આપ્યો અને પત્નીની અરજી નામંજુર કરવાનો હુકમ આપ્યો.

આ કેસમાં રાજેન્દ્ર અશોકભાઈ તથા તેમના માતા-પિતાની તરફથી વકીલ તરીકે ચિરાગ ડી. કારીઆ તથા રવી કે. કારીઆ રોકાયેલ હતા.

# મોરબી સેશન્સ કોર્ટે ગાંજાના કેસમાં આરોપીને ૧૦ વર્ષની કેદની સજા ફટકારી

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીમાં વર્ષ ૨૦૧૯ના ગાંજાના કેસમાં સેશન્સ કોર્ટે આરોપી અહેમદ ઉર્ફે ભુરા મેમણને ૧૦ વર્ષની સખત કેદ અને રૂ. ૫૦ હજારનો દંડ ફટકાર્યો છે. દંડ ન ભરે તો વધુ ૧ વર્ષની કેદનો આદેશ કરવામાં આવ્યો છે. સાથે જ આરોપી જુબેરભાઈ મનસુરીને પુરાવાના અભાવે નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો છે.

કેસની વિગતો મુજબ, મોરબી શહેરમાં વર્ષ ૨૦૧૯માં સુરતથી ખાનગી ટ્રાવેલ્સમાં ગાંજાનું પાર્સલ મોકલવામાં આવ્યું હતું, જે મોરબી ખાતે એક વ્યક્તિ દ્વારા ઓફિસેથી લેતી વખતે સીટી એ ડિવિઝન પોલીસે ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં ૨૦ કિલોથી વધુ ગાંજાના ઝડપાયેલા કેસમાં સરકારી વકીલ વિજયભાઈ જાની ની ધારદાર અને કાયદાકીય દલીલો તથા લેખિત અને મૌખિક



પુરાવાને આધારે મોરબી સેશન્સ કોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો જાહેર કર્યો છે. આ કેસમાં આરોપી અહેમદ ઉર્ફે આમદો ઉર્ફે ભુરો સતારભાઈ મેમણ ઉવ.૪૧ રહે. મોરબી કુબેરનાથ રોડ મોચી શેરી સામે ગ્રીન ચોક વાળાને ૧૦ વર્ષની સખત કેદ અને રૂ. ૫૦,૦૦૦/-ના દંડની સજા ફટકારવામાં આવી છે. આરોપી દંડ ભરવામાં નિષ્ફળ જાય તો વધુ એક વર્ષની કેદ ભોગવવાની સજા જાહેર કરવામાં આવી છે. બીજી તરફ, આરોપી જુબેરભાઈ અબ્દુલભાઈ મન્સુરીને પૂરતા પુરાવા ન હોવાના કારણે કોર્ટએ તેને નિર્દોષ જાહેર કર્યો છે.

# સમગ્ર રાજ્યમાં ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામમાં ૯૨.૯૧ ટકા સાથે મોરબી જીલ્લો સતત ત્રીજા વર્ષે પ્રથમ

## સિરામિક નગરી મોરબી જીલ્લો બની રહ્યો છે વિદ્યાનગરી, જીલ્લાના ૪૭ વિદ્યાર્થીઓએ ૧ ગ્રેડ તથા ૨૬૧ વિદ્યાર્થીઓએ ૨ ગ્રેડ હાંસલ કર્યો

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી સિરામિક ઉદ્યોગની દ્રષ્ટિએ વિશ્વમાં અગ્રેસર મોરબી જીલ્લો ઉદ્યોગ નગરીની સાથે હવે વિદ્યાનગરી બની રહ્યું છે. શિક્ષણક્ષેત્રે કરવામાં આવેલા અથાગ પ્રયાસો અને તનતોડ મહેનત થકી મોરબી જીલ્લો શિક્ષણમાં અવ્વલ બની રહ્યો છે. ત્યારે શિક્ષણના ક્ષેત્રે હેટ્રિક મારીને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામમાં ૯૨.૯૧ ટકા સાથે સતત ત્રીજા વર્ષે મોરબી જીલ્લાએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે.




શિક્ષણ વિભાગ દ્વારા તાજેતરમાં ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. આ પરિણામમાં મોરબી જીલ્લાએ સતત ત્રીજા વર્ષે પ્રથમ ક્રમાંક મેળવી રાજ્યકક્ષાએ મોરબીની ગરિમા વધારી છે. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૩માં ૮૩.૨૨% અને વર્ષ ૨૦૨૪ માં ૯૨.૮૦ ટકા સાથે મોરબી જીલ્લો રાજ્યકક્ષાએ પ્રથમ રહ્યો છે. કેન્દ્રવાર પરિણામની વાત કરીએ તો, મોરબી જીલ્લાના હળવદ કેન્દ્ર એ ૯૫.૦૮ ટકા, મોરબી કેન્દ્રએ ૯૨.૧૩ ટકા અને વાંકાનેર કેન્દ્રએ ૯૧.૮૧ ટકા મેળવ્યા છે. જીલ્લાના ૪૭ વિદ્યાર્થીઓએ ૧ ગ્રેડ તથા ૨૬૧ વિદ્યાર્થીઓએ ૨ ગ્રેડ હાંસલ કર્યો છે.

મોરબી જીલ્લામાં વી.સી. હાઈસ્કુલ-મોરબી અને માળીયા, વાંકાનેર તથા હળવદ ખાતેની મોડેલ સ્કૂલ મળી ૪ સરકારી શાળાઓ, ૨ ગ્રાન્ટેડ શાળાઓ અને અન્ય ખાનગી શાળાઓ મળી કુલ ૩૮ શાળાઓમાં વિજ્ઞાન પ્રવાહનો અભ્યાસ કરાવવામાં આવી રહ્યો છે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે જીલ્લા કલેક્ટર કે.બી. ઝવેરી, જીલ્લા વિકાસ અધિકારી જે.એસ. પ્રજાપતિ, જીલ્લા શિક્ષણ અધિકારી કમલેશ મોતા અને જીલ્લા શિક્ષણ અધિકારીની સમગ્ર કચેરી તથા જીલ્લાના શિક્ષણવિદો દ્વારા વિદ્યાર્થીઓ, વાલીઓ, શાળાઓઓને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# વાંકાનેર ૧૪ વર્ષીય દિકરી દુકાનેથી વોશરૂમ જવાનું કહી થઈ ગાયબ,પિતાએ અપહરણની આશંકાએ ફરિયાદ નોંધાવી

**મુખ્ય સમાચાર, વાંકાનેર**

વાંકાનેરમાં પ્રતાપ રોડ ઉપર ઘડિયાળની દુકાનમાં રીપેરીંગનો ધંધો કરનારની ૧૪ વર્ષીય દિકરી તેમની દુકાન પરથી અચાનક ગાયબ થઈ હતી. પિતાના જણાવ્યા અનુસાર દિકરી આખરી વખત વોશરૂમ જાય છે કહી દુકાનથી ગઈ હતી અને પાછી ન આવતા અનેક સ્થળે શોધખોળ છતાં પત્તો મળ્યો નહીં. હાલ પિતા તરફથી અજાણ્યા ઈસમ દ્વારા અપહરણ કરાયેલ હોવાની આશંકા સાથે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

વાંકાનેર શહેરના પ્રતાપ ચોક વિસ્તારમાં રહેતા અને ઘડિયાળ રીપેરિંગની દુકાન ધરાવતા ભાવેશભાઈ શાંતીલાલ ટોળીયાની ૧૪ વર્ષીય દિકરી તા. ૦૫/૦૫/ના રોજ સવારે દુકાનમાંથી અચાનક ગાયબ થઈ જતા સમગ્ર પરિવારમાં ચિંતાનું વાતાવરણ ફેલાઈ ગયું છે. જે બનાવ બાબતે વાંકાનેર સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જે ફરિયાદમાં ભાવેશભાઈના જણાવ્યા મુજબ તેઓ સવારે તેમની દિકરી અને દિકરા સાથે દુકાને આવ્યા હતા. દુકાન ખોલીને નિત્યક્રમ કરી અને સવારે ૧૧.૩૦ વાગ્યે તેઓ ફળ લેવા માર્કેટ ચોક તરફ ગયા હતા. જ્યાંથી પરત ફર્યા ત્યારે તેમની દિકરી દુકાને હાજર નહોતી. પુત્રના જણાવ્યા મુજબ દીકરી વોશરૂમ ગયેલી હોવાનું તેણે કહ્યું હતું. જેથી તેની શોધખોળ શરૂ કરી હતી, જેમાં આજુબાજુની દુકાનોમાં, બજારમાં, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેન્ડ સહિતના સ્થળોએ તપાસ કરવામાં આવી હતી પણ દીકરીનો કોઈ પત્તો મળ્યો નહીં. વધુમાં થોડા દિવસો પહેલા દીકરી પાસે એક નાનો મોબાઈલ મળ્યો હતો જેમાં તે ૯૭૩૭૧૬૪૩૬૫ તથા ૭૩૮૩૮૬૪૩૬૫ નંબર પર વાત કરતી પકડાયેલ જેથી તેની પાસેથી તેના પિતા દ્વારા મોબાઈલ લઈ લેવામાં આવ્યો હતો.

વધુમાં ફરિયાદમાં જણાવ્યા અનુસાર ઘટના સમયે દીકરીએ ગુલાબી રંગના કપડા પહેરેલા હતા. ભોગ બનનારાના પિતાએ તેમની દિકરી સગીર હોવાને લીધે કોઈ અજાણ્યા ઈસમે લલચાવી કે ફોન પર સંપર્ક કરી ભગાડી અપહરણ કર્યાની શંકા સાથે ફરિયાદ નોંધાવતા, હાલ પોલીસે આરોપી અજાણ્યા ઈસમ વિરુદ્ધ ગુનો દાખલ કરી અલગ અલગ દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# મોરબીમાં પોલીસકર્મી સાથે ઉગ્ર બોલાચાલી કરી, ફૂટબોલની જેમ ઉડાડવાની ધમકી આપતા ત્રણ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના રવાપર ચોકડી ખાતે ટ્રાફિક પોઈન્ટ પર ફરજ બજાવતા ટ્રાફિક શાખાના પોલીસ કોન્સ્ટેબલને એક્ટીવા ચાલક અને બે અન્ય ઈસમોએ આવી, ઉગ્ર બોલાચાલી કરી, ગાળો આપી અને કાર વડે ફૂટબોલની જેમ ઉડાડી દેવાની ધમકી આપી હતી. આ મામલે પોલીસે કુલ ત્રણ આરોપીઓ ફરજમાં રુકાવટ સહિતની સામે બીએનએસ કલમ હેઠળ ગુનો નોંધી આગળની ધોરણસરની તજવીજ હાથ ધરી છે.

મોરબી શહેરના રવાપર ચોકડી વિસ્તારમાં ટ્રાફિક પોઈન્ટ પર ફરજ બજાવતા કોન્સ્ટેબલ જીગ્નેશ પ્રવિણભાઈ લાંબાએ આરોપી એકટીવા રજી.નં. જીજે-૩૬-એએમ-૮૧૮૦ના ચાલક યસ મેરામભાઈ બાલાસરા તથા અન્ય બે અજાણ્યા ઈસમો એમ કુલ ત્રણ આરોપીઓ વિરુદ્ધ એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવેલ ફરિયાદ મુજબ, પોલીસ કોન્સ્ટેબલ જીગ્નેશભાઈ ટ્રાફિક શાખા વિભાગમાંથી રવાપર ચોકડીના ટ્રાફિક પોઈન્ટ ઉપર ફરજ ઉપર હોય તે દરમિયાન અવની ચોકડી તરફની સાઇડ બંધ કરાવેલ હતી ત્યારે એક્ટીવા નં. જીજે-૩૬-એએમ-૮૧૮૦ ચલાવી આવતા યસ મેરામભાઈ બાલાસરા સાઈડ તોડીને આવેલ જેથી તેને અટકાવ્યો હતો, જેથી ઉપરોક્ત એકટીવા ચાલક પોલીસ કોન્સ્ટેબલ સાથે બોલાચાલી કરી અને કહ્યું કે, ''તમે ત્યાં ઊભા રહો, હું હમણા જ પાછો આવીશ.'' થોડીવાર બાદ, કેપિટલ માર્કેટ નજીક એક્ટીવા રાખીને યસ મેરામભાઈએ કોઈને ફોન કર્યો અને થોડા સમય બાદ બ્લુ કલરની સ્વીફ્ટ કારમાં બે અજાણ્યા ઈસમો સાથે સ્થળ પર આવી પહોંચ્યા. ત્યારે ત્રણેયે મળીને ટ્રાફિક પોઈન્ટ પર ફરજ બજાવતા કોન્સ્ટેબલ સાથે ઉગ્ર બોલાચાલી કરી, ગાળો આપી અને ગંભીર ધમકી આપી કે, ''હવે તું ટ્રાફિક પોઈન્ટ ઉપર ઉભો રહેજે, હું તને ફૂટબોલની જેમ ઉડાડુ છું કે નહીં'' તેવી ધમકી દઈ કાયદેસરની ફરજમાં રુકાવટ કરી હતી. આ મામલે ફરીયાદના આધારે મોરબી સીટી એ ડિવિઝન પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની અલગ અલગ કલમ તથા ફરજમાં રુકાવટ અંગેની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ન્યૂઝ ફ્લેશ

### મોરબીના માળીયા ફાટક નજીક વિદેશી દારૂની બોટલ સાથે એક ઝબ્બે

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમ નાઈટ રાઉન્ડ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન માળીયા ફાટક નજીક મહેન્દ્રનગર જવાના રસ્તે એક શખ્સ શંકાસ્પદ હાલતમાં જતો હોય, જેને રોકી તેની અંગ ઝડતી લેતા, શખ્સના પેન્ટના નેફામાંથી વિદેશી દારૂ બ્લેન્ડર પ્રાઇડ વ્હિસ્કીની એક બોટલ કિ.રૂ.૬૨૫/- સાથે આરોપી શનીભાઈ ઉર્ફે મહેશભાઈ કિશોરભાઈ વરાણીયા ઉવ.૨૪ રહે. સીરામીક સીટી પાછળ ઉમિયાનગર મોરબી વાળની અટકાયત કરી તેની વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

### હળવદના સરા રોડ ઉપર પ્લાસ્ટિકના બાચકામાં વિદેશી દારૂની ૧૬ બોટલ લઈ નીકળેલ યુવકની ધરપકડ

હળવદ ટાઉનમાં સરા રોડ સદભાવના સ્કૂલ નજીકથી આરોપી યશ ઉર્ફે રાજ નાથાભાઈ સોનારા ઉવ.૨૨ રહે. હળવદ રઘુનંદન સોસાયટી સરા રોડ વાળાને વિદેશી દારૂની ૧૬ બોટલ સાથે ઝડપી લેવામાં આવ્યો છે, જેમાં હળવદ પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન પ્લાસ્ટિકના બાચકા સાથે શંકસોળ હાલતમાં નીકળેલ ઉપરોક્ત આરોપી પાસેના બાચકાની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂ વાઈટ લેક વોડકાની ૧૬ બોટલ કિ.રૂ.૫,૮૦૮/-મળી આવી હતી, હાલ હળવદ પોલીસે પકડાયેલ આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

### મોરબીના રાધાપાર્ક-૨માં રહેણાંક બહાર પાર્ક કરેલ બાઇકની ચોરી

મોરબી શહેરના છાત્રાલય રોડ ઉઓર આશાપાર્ક સોસાયટી પાછળ આવેલ રાધાપાર્ક-૨ માં રાત્રીના સમયે ઘરની બહાર પાર્ક કરેલ બાઇકની ચોરી થયા અંગેની ફરિયાદ અત્રેના એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવતા, પોલીસે અજાણ્યા વાહન ચોર ઈસમ વિરુદ્ધ ગુનો નોંધી તપાસની તજવીજ શરૂ કરી છે. મળતી માહિતી અનુસાર, મોરબીમાં કન્યા છાત્રાલય રોડ આશાપાર્ક સોસાયટી પાછળ રાધાપાર્ક-૨ બ્લોક નં.૩ માં રહેતા અમિતભાઇ મોહનભાઇ પરમારે ગઈ તા.૨૪ અપ્રિલના રોજ રાત્રીના પોતાનું હીરો હોન્ડા કંપનીનું કાળા કલરનું સ્પ્લેન્ડર મોટર સાયકલ રજી.નં. જીજે-૧૧-એન-૭૦૦૯ પોતાના ઉપરોક્ત રહેણાંક મકાનની બહાર પાર્ક કર્યું હોય, જ્યાંથી કોઈ અજાણ્યો વાહન ચોર ઈસમ અમિતભાઈનું મોટરસાયકલ ચોરી કરી લઈ ગયો હોય, જે ચોરીના બનાવ બાદ તુરંત અમિતભાઈએ પ્રથમ ઇ-એફઆઈઆર નોંધાવી હતી, જે બાદ એ ડિવિઝન પોલીસ મથકે રૂબરૂ ફરિયાદ નોંધાવતા, પોલીસે અમિતભાઈની ફરિયાદને આધારે આરોપી અજાણ્યા વાહન ચોર વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

### ચાર મહિલા સહિત સાત જુગાર રમતા ઝડપાયા

જામનગરના ગોકુલનગર પાસે શિવનગરમાંથી ચાર મહિલા સહિત સાત વ્યક્તિ ગંજીપાના કૂટતા ઝડપાઈ ગયા છે. જ્યારે ખુલ્લા ફાટક નજીક બાવ-રીવાસમાંથી ચાર શખ્સ તીનપત્તી રમતા પકડાયા છે. જામનગરના ગોકુલનગર પાસે આવેલી સાયોના શેરી નજીક શિવનગર શેરી નં.૨માં જુગાર રમાતો હોવાની બાતમી પરથી સિટી સી ડિવિઝનના સ્ટાફે દરોડો પાડતા ત્યાંથી રામજીભાઈ બચુભાઈ મકવાણા, સુરેશ સવજીભાઈ સરવૈયા, ઘેલા ટપુભાઈ પરમાર, મનિષાબેન કાનજીભાઈ સિહોરા, કુસુમ બેન ગોરધનભાઈ વિરમગામા તથા જીવીબેન ચકુભાઈ રાઠોડ, ભાવનાબેન રામજી મકવાણા નામના સાત વ્યક્તિ મળી આવ્યા હતા. પટમાંથી પોલીસે રૂ. ૧૦૨૦૦ રોકડા કબજે કર્યા છે.જામનગરના દિગ્જામ વુલન મીલ નજીક આવેલા બાવરીવાસમાં.જાહેરમાં ગંજીપાના કૂટતા રમેશ જીવાભાઈ ચૌહાણ, ભાવેશ શામજીભાઈ વાઘેલા, અમિત દિનેશભાઈ વાઘેલા, મંગલ રવજીભાઈ વાઘેલા નામના ચાર શખ્સ રૂ. ૪૪૩૦ સાથે ઝડપાઈ ગયા છે.

# મોરબીમાં કરિયાણાની દુકાનમાંથી ઈંગ્લીશ દારૂ-બિયરના જથ્થા સાથે વેપારીની અટક, સપ્લાયરની શોધખોળ

## દારૂની ૩૦ બોટલ, બિયરના ૫૪ ટીન મળી કુલ રૂ.૪૨,૭૫૦/-નો મુદ્દામાલ જપ્ત

મોરબી શહેરના ભડીયાદ રોડ ઉપર હરિઓમ સોસાયટીમાં આવેલ ઉમિયા કરિયાણાની દુકાનમાં વિદેશી દારૂ-બિયરનો જથ્થો રાખી ગેરકાયદેસર રીતે વેપલો કરતા દુકાન-માલીકને બી ડિવિઝન પોલીસ દ્વારા રેઈડ કરી ઝડપી લેવામાં આવ્યો છે, આ સાથે પકડાયેલ આરોપી દ્વારા દારૂ-બિયરનો જથ્થો આપનારના નામની કબુલાત આપતા, પોલીસે આરોપી બુટલેગરને ફરાર દર્શાવી, બન્ને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી.

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે મોરબી-૨ ભડીયાદ રોડ ઉપર હરિઓમ સોસાયટીમાં આવેલ ઉમિયા કરિયાણાની દુકાનમાં દરોડો પાડ્યો હતો, ત્યારે પોલીસે કરિયાણાની દુકાનમાંથી ઈંગ્લીશ દારૂ મેકડોવેલ્સની ૩૦ બોટલ કિ.૩૩,૦૦૦/-તથા બિયર ટીન નંગ ૫૪ કિ.રૂ.૯,૭૨૦/- એમ કુલ મળી રૂ.૪૨, ૭૨૦/- સાથે આરોપી ઈશ્વરભાઈ બાવજીભાઈ ફુલતારીયા ઉવ.૫૬ રહે. હરિઓમ સોસાયટી ભડીયાદ રોડ મોરબી-૨ વાળાની અટક કરી હતી, ત્યારે પકડાયેલ આરોપી ઈશ્વરભાઈને આ વિદેશી દારૂ બિયરનો જથ્થો મુસ્તાક સોલંકી મોરબી વાળો આપી ગયો હોવાની કબૂલાત આપતા, પોલીસે બન્ને આરોપીઓ વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બરવાળાની સરસ્વતી ભગવતી વિદ્યાલયનું ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૦૦ ટકા પરિણામ

## સ્વ.જેરાજભાઈ કરમશીભાઈ પટેલ દ્વારા સ્થાપિત શાળાના તમામ વિદ્યાર્થી થયા પાસ, શાળા અને વિદ્યાર્થી પરિવારમાં ઉત્સાહની લહેર

**મુખ્ય સમાચાર,બરવાળા**

બરવાળા ગામની પ્રસિદ્ધ સરસ્વતી ભગવતી વિદ્યાલયે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં આ વર્ષે ૧૦૦% પરિણામ નોંધાવ્યું છે. કુલ ૪૨ વિદ્યાર્થીઓ પૈકી દરેક વિદ્યાર્થીએ સફળતા પ્રાપ્ત કરી શાળા પરિવાર માટે ગૌરવપૂર્ણ ક્ષણ સર્જી છે. સંસ્થાના પ્રમુખ તથા ટ્રસ્ટીઓએ આ માટે તમામને શુભેચ્છા પાઠવી છે.

બરવાળા ગામમાં સ્થિત અને છેલ્લા ૫૫ વર્ષથી સતત શિક્ષણની સફર પર આગળ વધી રહેલી સરસ્વતી ભગવતી વિદ્યાલયે વધુ એક ગૌરવપૂર્ણ અધ્યાય ઉમેર્યો છે. વર્ષ ૨૦૨૫માં લેવાયેલ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનું પરિણામ શાળાનું ૧૦૦% આવ્યું છે. જેમાં કુલ ૪૨ વિદ્યાર્થીઓ પરીક્ષા માટે હાજર રહ્યા હતા, જેમાંથી તમામ ૪૨ વિદ્યાર્થીઓ સફળતા પૂર્વક પાસ થયા છે. આ સિદ્ધિથી સમગ્ર શાળા પરિવાર, વિદ્યાર્થીગણ અને તેમના માતા-પિતા, તેમજ સ્ટાફમાં આનંદની લાગણી છવાઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ શાળાની સ્થાપના સ્વ.જેરાજભાઇ કરમશીભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી. શાળાએ તાજેતરમાં જ પોતાનો સુવર્ણ જયંતિ મહોત્સવ ભવ્યતાથી ઉજવ્યો હતો. શિક્ષણ ક્ષેત્રે અમૂલ્ય યોગદાન આપી રહેલી આ શાળાની સિદ્ધિએ સમગ્ર બરવાળા ગામ માટે ગૌરવ અપાવ્યું હતું. સંસ્થાના પ્રમુખ જયંતીભાઈ જેરાજભાઇ પટેલ તથા ટ્રસ્ટી મંડળે વિદ્યાર્થીઓ અને શિક્ષકમંડળને શુભેચ્છાઓ પાઠવી છે.

# વાંકાનેર ઉધાર ફર્નિચરની ખરીદીમાં વચ્ચે રહેલ ખેડૂતને ઇંટ વડે ઇજા પહોંચાડનાર વિરુદ્ધ ફરિયાદ

**મુખ્ય સમાચાર, વાંકાનેર**

વાંકાનેરના ચંદ્રપુર ગામના ખેડૂતને 'ધરમ કરતા ધાડ પડી' તેમ ઉધારીમાં કરીયાવરનો ફર્નિચરનો માલ સામાન લઈ દીધેલ હોય, જેની લેણી રકમ માટે ઇસમને ફોન કરતા, જે બાબતનું સારું નહિ લાગતા ઇસમે ખેડૂતને ગાળો આપી ઈંટ મારી ઇજા પહોંચાડી હતી, ત્યારે સમગ્ર બનાવ અંગે ઇજાગ્રસ્ત ખેડૂત દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવતા, પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વાંકાનેરના ચંદ્રપુર રહેતા ખેડૂત ઇસ્માઇલભાઇ ફતેહભાઇ શેરશીયા ઉવ.૪૫ એ વાંકાનેર સીટી પોલીસ મથકમાં આરોપી કાદરભાઇ અલ્લારખાભાઇ સંધી રહે.લાલપર તા.વાંકાનેર વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે, આરોપી કાદરભાઈએ કમાન ફર્નિચર નામની દુકાનમાંથી કરીયાવરનો સામાન લીધેલ હોય, જેના પૈસા બાકી રાખેલ હોય અને તેમા ફરીયાદી ઇસ્માઇલભાઈ વચ્ચે રહેલ હોય, જેથી ગઈકાલ તા.૦૫/૦૫ના રોજ આ પૈસા બાબતે ઇસ્માઇલભાઈએ આરોપીને ફોન કરતા આરોપી કાદરભાઈએ ચંદ્રપુર બોર્ડ પાસે આવી ફરીયાદીને ગાળો આપવા લાગેલ, જેથી ઇસ્માઇલભાઈએ ગાળો દેવાની ના પાડતા આરોપીએ ત્યા પડેલ ઇંટનો છુટો ઘા ફરીયાદીને મારતા ફરીયાદીને માથાના પાછળના ભાગે ઈજા પહોચી હતી, ત્યારે આજુબાજુના લોકો એકઠા થઇ જતા, આરોપી કાદરભાઈ ત્યાંથી ચાલ્યો ગયો હતો, હાલ પોલીસે ઉપરોક્ત ફરિયાદને આધારે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

### સ્પા/ મસાજ પાર્લરોના કર્મચારીની માહિતી પોલીસમાં આપવા આદેશ

રાજકોટ શહેરના રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારમાં સ્પા કે મસાજ પાર્લર ચલાવવાની આડમાં નશીલા દ્રવ્યોનું સેવન, દેહ વ્યાપાર તેમજ અન્ય ગેરકાયદેસર પ્રવૃતિઓ થતી અટકે તેમજ જાહેર સલામતી અને શાંતિ જળવાઈ રહે તે હેતુથી રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાએ કેટલાક આદેશો કરેલ છે, જે મુજબ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં આવેલ તમામ સ્પા/મસાજ પાર્લરના માલિકો અથવા સંચાલકોએ તેમના એકમનું નામ, માલિક કે સંચાલકનું નામ, ફોટો અને નંબર ઓળખના પુરાવા સાથે, તેમના કર્મચારીઓની સંખ્યા, નામ, સરનામું, મૂળ વતનનું સરનામું, ફોટોગ્રાફ, ઓળખના પુરાવા, વિદેશી કર્મચારી હોય તો વિઝા અને પાસપોર્ટની સમગ્ર વિગત પ્રમાણિત કરીને સંબંધિત વિસ્તારના પોલીસ સ્ટેશનમાં જમા કરાવી સહી સિક્કા કરાવવાના રહેશે. આ અંગેનું રજિસ્ટર સંબંધિત પોલીસ સ્ટેશનમાં નિભાવવામાં આવશે. તા.૩૦/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેનારા આ આદેશોનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# જસદણ નગરપાલિકાના ડમ્પિંગ સાઈટના કરોડોના કામમાં ભ્રષ્ટાચારનો આક્ષેપ, કોન્ટ્રાક્ટરને રૂ.૫૮ લાખનું ચૂકવણું તપાસના દાયરામાં

## પાલિકાએ ૨૪ કલાક દેખરેખ રાખવા માટે ટીપીઆઈ અને કન્સલ્ટન્ટ રાખ્યા છે, છતાં સ્થળ પર કોન્ટ્રાક્ટર સિવાય કોઈ દેખાયા ન હતા

■ આ ભ્રષ્ટાચારમાં કોન્ટ્રાક્ટર, પાલિકાના ચીફ ઓફિસર, મ્યુનિસિપલ એન્જિનિયર, કન્સલ્ટન્ટ એજન્સી, ટીપીઆઈ અને પાલિકાના પદાધિકારીઓની મિલીભગત હોવાની શંકા

**મુખ્ય સમાચાર, જસદણ**
**બીજલ ભેસજાળીયા**

જસદણ નગરપાલિકા દ્વારા ગોખલાણા રોડ પર રૂ.૨.૫૦ કરોડના ખર્ચે બની રહેલી ડમ્પિંગ સાઈટના કામમાં ભ્રષ્ટાચારના આક્ષેપો વધુ ગંભીર બન્યા છે. સ્થાનિક લોકો તરફથી મળેલી માહિતી અને રિયાલિટી ચેક દરમિયાન નબળી કામગીરી સામે આવ્યા બાદ, હવે કોન્ટ્રાક્ટર દ્વારા કામ પૂર્ણ થાય તે પહેલાં જ વધુ એક કરોડ રૂપિયાથી વધુનું બિલ રજૂ કરવામાં આવતા અનેક સવાલો ઉભા થયા છે. અગાઉ જસદણ પાલિકાએ કરેલ રૂ.૫૮ લાખનું ચૂકવણું પણ વિવાદમાં છે, ત્યારે આ નવા બિલે ભ્રષ્ટાચારની આશંકાને વધુ મજબૂત બનાવી છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા જસદણ નગરપાલિકાની આવક વધારવાના હેતુથી આ ડમ્પિંગ સાઈટનું નિર્માણ થઈ રહ્યું છે. પરંતુ શરૂઆતથી જ આ કામમાં ગેરરીતિઓ આચરવામાં આવી રહી હોવાના આક્ષેપો સામે આવી રહ્યા છે. જેમાં કોન્ટ્રાક્ટર, પાલિકાના ચીફ ઓફિસર, મ્યુનિસિપલ એન્જિનિયર, કન્સલ્ટન્ટ એજન્સી, ટીપીઆઈ અને નગરપાલિકાના પદાધિકારીઓની મિલીભગત હોવાની શંકા સેવાઈ રહી છે.

સ્થળ તપાસમાં ડમ્પિંગ સાઈટ પર નબળી ગુણવત્તાનું બાંધકામ જોવા મળ્યું હતું. શેડના બિંબ આડાઅવળા લગાવેલા હતા, નવો સિમેન્ટ રોડ તૂટેલો હતો, શેડમાં હલકી ગુણવત્તાની અને રંગબેરંગી લાદીઓ લગાવવામાં આવી હતી અને તળિયામાં સિમેન્ટ-રેતીને બદલે ધૂળ-ચૂનાનો ઉપયોગ થયો હોવાનું જણાયું હતું. વધુમાં પાણીના પરબ અને નવી બની રહેલી ઓફિસોમાં પણ નિયમોનું ઉલ્લંઘન કરીને નબળું કામ કરવામાં આવી રહ્યું હતું.

આટલી ગેરરીતિઓ સામે આવ્યા છતાં, જસદણ નગરપાલિકા દ્વારા પહેલા કોન્ટ્રાક્ટરને રૂ.૫૮ લાખનું ચૂકવણું કરવામાં આવ્યું હતું અને હવે કામ પૂર્ણ થયા પહેલાં જ વધુ એક કરોડથી વધુનું બિલ કોન્ટ્રાક્ટર દ્વારા રજૂ કરવામાં આવતા પાલિકા તંત્રની કામગીરી પર ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. શું જસદણ પાલિકાના અધિકારીઓ અને પદાધિકારીઓને આટલી સ્પષ્ટ ગેરરીતિઓ દેખાતી નથી? તેવો સવાલ જસદણના નાગરિકો પૂછી રહ્યા છે.

જસદણની પ્રજાના કરોડો રૂપિયાના ભોગે ભ્રષ્ટાચાર આચરનારા કોન્ટ્રાક્ટરો અને તેમને સાથ આપનારા પાલિકાના અધિકારીઓ તેમજ પદાધિકારીઓ સામે કડક કાર્યવાહીની માંગણી પ્રબળ બની છે. જાગૃત નાગરિકો રાજકોટના પ્રાદેશિક કમિશનર અને વિજિલન્સ ટીમને આ સમગ્ર મામલે તટસ્થ તપાસ હાથ ધરીને જવાબદારો સામે પગલાં લેવા માટે આગ્રહ કરી રહ્યા છે.

### જો આમાં કોઈપણ ગેરરીતી જણાશે તો તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવશેઃ રાજુભાઈ શેખ-ચીફ ઓફિસર, જસદણ પાલિકા

હાલ સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત ડમ્પિંગ સાઈટ ઉપર સાઈટ ડેવલોપમેન્ટનું કામ ચાલી રહ્યું છે. આ કામ આશરે રૂ.૨.૫૦ કરોડના ખર્ચે ચાલી રહ્યું છે. અમને જે ફરિયાદ મળી છે એ અન્વયે ઊંડી તપાસ કરી તેના તમામ રીપોર્ટ મેળવી ત્યારબાદ જો કોઈપણ ગેરરીતી જણાશે તો તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવશે. આ કામમાં આજદિન સુધીમાં અંદાજે ૩૦ ટકા જેટલું જ ચુકવણું કરવામાં આવેલ છે. જો આગામી સમયમાં ભ્રષ્ટાચાર થશે તો તમામ ચુકવણું પણ અટકાવી દેવામાં આવશે અને તેની સામે પગલા લેવામાં આવશે.

### ગેરરીતી ધ્યાને આવશે તો ટીપીઆઈ અને કન્સલ્ટન્ટ સામે કડક કાર્યવાહી કરીશુંઃ રાજેશ બાવળીયા-મ્યુનિસિપલ એન્જીનીયર, જસદણ પાલિકા

તે અંદાજે અઢી કરોડના ખર્ચે કામગીરી કરવામાં આવી રહી છે. આના માટે ટીપીઆઈ અને કન્સલ્ટન્ટ એજન્સીને તેની દેખરેખ કરવાની હોય છે. આમાં ટીપીઆઈને કામની ગુણવત્તા અને ક્વોલીટી ચેક કરવાની જવાબદારી આપી હતી. જ્યારે કન્સલ્ટન્ટને ટેન્ડર પ્રમાણે કામ થાય છે કે નહી તેની દેખરેખ રાખવાની હોય છે. ત્યાં એમને સ્થળ પર હાજર જ રહેવાનું હોય છે અને તેઓ ત્યાં હાજર ન હોવાથી તેમને નોટીસ આપીશું અને સુચના આપીશું. ત્યાં ૨૪ કલાક દેખરેખ રાખવા માટે અમે ટીપીઆઈ અને કન્સલ્ટન્ટ રાખ્યા હતા. આ અઢી કરોડના કામમાં રૂ.૫૮ લાખનું બીલ કોન્ટ્રાક્ટરને ચૂકવી આપેલ છે. અમે તેમાં દિવાલનું કામ અને સિક્યુરીટી રૂમ સહિતની તપાસ કર્યા બાદ બીલ ચુકવ્યું હતું. આમાં કોન્ટ્રાક્ટર પાસે ટેન્ડર પ્રમાણે જ કામ કરાવવાનું છે. જો આમાં ગેરરીતી ધ્યાને આવશે તો ટીપીઆઈ અને કન્સલ્ટન્ટ સામે કડક કાર્યવાહી કરીશું. આમાં હું અને ચીફ ઓફિસર તેમજ પ્રમુખ સહિતના જવાબદારો છીએ અને અમારી સામે પણ આમાં કાર્યવાહી થઈ શકે.

# તા. ૭ મેનાં રોજ ધોરણ ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે વિના મૂલ્યે સેમીનાર

''ડીગ્રી એન્જીનીયરીંગ, આર્કીટિકચર, ઈન્ટીરીયર ડીઝાઈનમાં પ્રવેશ પ્રક્રિયા માર્ગદર્શન અને કારકિર્દી ઘડતર'' વિષય પર સેમીનાર



**મુખ્ય સમાચાર,રાજકોટ**

ધોરણ ૧૨ (સાયન્સ) ના A,B અને AB ગ્રુપના વિદ્યાર્થીઓ અને વાલીઓને અનેક પ્રશ્નો મૂંઝવતા હોય છે. આ બધા પ્રશ્નોના સત્ય, સ્પષ્ટ અને સચોટ ઉતરો મળી રહેશે - તારીખ ૭ મે, ૨૦૨૫, બુધવારના રોજ સવારે ૯.૩૦ વાગ્યે, પ્રમુખ સ્વામી ઓડીટોરીયમ, રૈયા રોડ, રાજકોટ ખાતે.

એસીપીસી/નાટા પ્રવેશ પ્રક્રિયા, યુનિવર્સિટી - કોલેજ - બ્રાંચની પસંદગી, વિવિધ સ્કોલરશીપ, પ્લેસમેન્ટ, ગર્વમેન્ટ જોબ, વિવિધ બ્રાંચ અને તેમા ઉપલબ્ધ તકો, ગુજરાતમાં ઉપલબ્ધ કોલેજ - બ્રાંચ - કુલ સીટ, ગુજરાત બહાર તકો વગેરે વિશે આ સેમીનારમાં તજજ્ઞો દવારા વિસ્તૃત તલસ્પર્શી માર્ગદર્શન મળી રહેશે. આ તક ચૂકવા જેવી નથી.

ધોરણ ૧૨ (સાયન્સ) ના તમામ વિદ્યાર્થીઓ વાલીઓ, શિક્ષકગણ અને તમામ શાળાઓના સંચાલકો - ટ્રસ્ટીગણ - આચાર્યઓને આ સેમીનારનો લાભ લેવા નિમંત્રણ આપવામાં આવ્યું છે.

વધુ વિગતો માટે નંદનભાઈ દવે - ૯૧૫૭૭ ૧૬૭૮૧, રજનીભાઈ રૂપારેલીયા - ૯૫૧૦૪ ૩૭૫૨૦ નો સંપર્ક કરી શકાશે.

સેમીનારનું આયોજન વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજ, ઈન્દુભાઈ પારેખ સ્કુલ ઓફ આર્કીટિક્ચર તથા કીચ સ્કુલ ઓફ ડીઝાઈન દવારા કરવામાં આવ્યું છે.

વી.વી.પી. નાં ટ્રસ્ટીઓ કૌશિકભાઈ શુકલ, હર્ષલભાઈ મણીઆર, ડો. સંજીવભાઈ ઓઝા, ડો. નરેન્દ્રભાઈ દવે, ડો. નવીનભાઈ શેઠ, વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજના આચાર્ય ડો. પિયૂષભાઈ વણઝારા, ઈન્દુભાઈ પારેખ સ્કુલ ઓફ આર્કીટિક્ચર ના આચાર્ય દેવાંગભાઈ પારેખ, કીચ સ્કુલ ઓફ ડીઝાઈનના આચાર્ય શૈલીબેન ત્રિવેદીએ ધોરણ ૧૨(સાયન્સ) ના વિદ્યાર્થીઓ અને વાલીઓને આ સેમીનારનો લાભ લેવા અનુરોધ કર્યો છે.

અગમચેતી એજ સલામતી

# રાજકોટ જિલ્લાના ખેડૂત મિત્રોને કમોસમી વરસાદની આગાહીના લીધે તકેદારી રાખવા સૂચના

**મુખ્ય સમાચાર,રાજકોટ**

હવામાન ખાતાની આગાહી મુજબ તા.૦૯-૦૫-૨૦૨૫ દરમિયાન ગુજરાતના તમામ જિલ્લાઓમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને પગલે વાતાવરણમાં પલટો જોવા મળશે, જે અન્વયે રાજકોટ જિલ્લાના તમામ તાલુકાઓમાં છુટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવો વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સમયે વાદળછાયું વાતાવરણ અને વરસાદને અનુલક્ષીને ખેડૂતોએ પાકના રક્ષણ માટે પગલાં લેવા ખેડૂત મિત્રોને સુચના આપવામાં આવે છે.



કમોસમી વરસાદથી પાકને થનાર નુકશાનીથી બચવા માટે ખેડુતોના ખેત ઉત્પાદિત પાક, ખેતરમાં કાપણી કરેલ પાક ખુલ્લા હોય તો તેને તાત્કાલિક સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી કરવી, અથવા પ્લાસ્ટિક/તાડપત્રીથી યોગ્ય રીતે ઢાંકી દેવું અને ઢગલાની ફરતે માટીનો પાળો બનાવી વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકાવવું. આ સમયગાળા દરમિયાન જંતુનાશક દવા અને ખાતરનો ઉપયોગ ટાળવો. ખાતર અને બિયારણના વિક્રેતાઓએ જથ્થો પલળે નહી તે મુજબ ગોડાઉનમાં સુરક્ષિત રાખવો જોઈએ.

એ.પી.એમ.સી.માં વેપારી અને ખેડુત મિત્રોએ કાળજી રાખી આગોતરી તૈયારીના ભાગરૂપે અનાજ અને ખેતપેદાશો સુરક્ષિત રાખવા અને એ.પી.એમ.સી.માં વેચાણ અર્થે આવતી પેદાશો આ દિવસો દરમિયાન ટાળવી અથવા સુરક્ષિત રાખવા.

આ અંગે વધુ જાણકારી માટે સંબધિત વિસ્તારના ગ્રામસેવક / વિસ્તરણ અધિકારી / તાલુકા અમલીકરણ અધિકારી / મદદનીશ ખેતી નિયામક(તા.મુ.), જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક(તાલીમ), KVK અથવા કિસાન કોલ સેન્ટર ટોલ ફ્રી નંબર - ૧૮૦૦૧૮૦૧૫૫૧ નો સંપર્ક કરવા જિલ્લા પંચાયતના જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# રેલવે સેફ્ટીમાં ઉત્તમ કાર્ય બદલ ડીઆરએમ દ્વારા રાજકોટ ડિવિઝનના ૫ કર્મચારીઓનું સન્માન



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રેલ સેફ્ટી માં ઉત્કૃષ્ટ કાર્ય બદલ, રાજકોટ ડિવિઝનના ૫ કર્મચારીઓને આજે રાજકોટના ડીઆરએમ ઓફિસના કોન્ફરન્સ રૂમમાં રાજકોટ ડિવિઝનલ રેલ્વે મેનેજર અશ્વની કુમાર દ્વારા પ્રમાણપત્રો આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ એવોર્ડ રાજકોટ ડિવિઝનના ટ્રાફિક, ઈલેક્ટ્રિકલ વિભાગ (ટ્રેક્શન) અને એન્જિનિયરિંગ વિભાગના કર્મચારીઓને જાન્યુઆરી અને ફેબ્રુઆરી ૨૦૨૫ માં રેલવે સેફ્ટી માં ઉત્કૃષ્ટ કાર્ય બદલ આપવામાં આવ્યો છે. એવોર્ડ મેળવનારા કર્મચારીઓમાં શાંતિજી એમ (પોઈન્ટ્સમેન- પીપળી), સુરેશ શર્મા (લોકો પાયલટ ગુડ્સ- સુરેન્દ્રનગર), મનોજ પી ભાલારા (લોકો પાયલટ મેલ- રાજકોટ), રાકેશ ચૌરસિયા (લોકો પાયલટ મેલ- રાજકોટ) અને સોનુ કુમાર (ટ્રેક મેન્ટેનર ગેંગ નં.૫૨- ખંભાળિયા) નો સમાવેશ થાય છે. ઉપરોક્ત રેલ્વે કર્મચારીઓએ ટ્રેન સંચાલન દરમિયાન ટ્રેનમાં અસામાન્યતાઓ જોવી, ટ્રેક પર અસામાન્ય આંચકા અનુભવવા, રેલ ફ્રેક્ચર જોવું વગેરે જેવા વિવિધ કાર્યો કર્યા. તેમની સતર્કતાને કારણે, સંભવિત અકસ્માતો ટળી ગયા. આ પ્રસંગે રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ સેફ્ટી ઓફિસર આર.સી. મીણા, સિનિયર ડિવિઝનલ ઓપરેટિંગ મેનેજર સુનિલ કુમાર ગુપ્તા, સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (પૂર્વ) નિખિલ શ્રીવાસ્તવ અને સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (ટ્રેક્શન) મીઠા લાલ મીણા હાજર રહ્યા હતા.

# વેરાવળની છાત્રાનો ધો.૧૨ સાયન્સમાં નાપાસ થતા ગળાફાંસો ખાઈ આપઘાત

બોર્ડની પરીક્ષા સાથે NEETની તૈયારી કરતી મુળ બિહારની યુવતીના આપઘાતથી પરિવારમાં કરુણ કલ્પાત

**મુખ્ય સમાચાર,વેરાવળ**

વેરાવળમાં વીસેક વર્ષથી રહેતા મુળ બિહારના પરીવારની ૧૭ વર્ષીય પુત્રી શ્રેયા શ્યામાનંદ ઝા નું આજે ધો.૧૨ સાયન્સનું પરીણામ આવવનું હતુ. જેથી શ્રેયા એ સવારે ૧૧ વાગ્યા આસપાસ પોતાના રૂમમાં લેપટોપમાં પરીણામ જોયુ હતુ. જેમાં તેણી નાપાસ થઈ હોવાથી તેનું લાગી આવતા શ્રેયાએ પોતાના રૂમમાં ગળાફાંસો ખાઈ સુસાઈડ કરી લીધુ હતુ. આ સમયે તેણીના મમ્મી, બહેન સહિતના પરીવારજનો નીચે કામકાજ કરી રહ્યા હતા. થોડા સમય સુધી શ્રેયા નીચે ન આવતા પરીવારજનો ઉપર જતા રૂમમાં ગળાફાંસો ખાધેલ હાલતમાં શ્રેયા ને જોતા જ પરીવારજનોના પગ નીચેથી જમીન સરકી ગઈ હોય તેવા આઘાતમાં ગરકાવ થઈ ગયા હતા.

બાદમાં નૌકરી પર ગયેલા તેના પિતા શ્યામાનંદને અને ૧૦૮ ને જાણ કરી હતી. બાદમાં શ્રેયાને સિવીલ હોસ્પીટલએ ખસેડવામાં આવેલ જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરી હતી. જેના પગલે ત્યાં હાજર પરીવારજનો ચોધાર આસુએ રડવા લાગ્યા હતા. માસુમ દિકરીએ સુસાઈડ કરી જીવન ટુંકાવી લીધાની ઘટનાથી તેનો પરીવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. શ્રેયા ધો.૧૨ સાયન્સમાં અભ્યાસની સાથે NEETની પણ તૈયારી કરી રહી હતી. આ સમાચાર વાયુવેગે પ્રસરી જતા વાલીઓ અને શહેરીજનો પણ શોકની લાગણી વ્યક્ત કરી રહ્યા હતા. આ મામલે પોલીસે તપાસ હાથ ધરી છે.

# રાજકોટ શહેરના ભયજનક જળાશયોમાં પ્રવેશ સંદર્ભે પ્રતિબંધાત્મક હુકમો

રાજકોટ શહેર પોલિસ કમિશ્નર બ્રજેશકુમાર ઝાએ આદેશો જારી કર્યા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાતમાં નદી, તળાવો, નહેર, દરિયામાં નહાવા પડેલી વ્યકિતઓનું ડૂબી જવાથી મોત થવાની દુર્ઘટના નિવારવા રાજકોટ શહેર પોલિસ કમિશ્નર બ્રજેશકુમાર ઝાએ આદેશો જારી કર્યા છે.

જે મુજબ નવયુગપરા ઘાંચીવાડ સ્મશાનથી કેસરી હિંદ પુલ સુધી આજી નદીનો કાંઠો, સંત કબીર ટેકરી પાસે લાલપરી તળાવ, ભગવતીપરા અને બેડીપરા પાસે આજી નદીનો કાંઠો, ભાવનગર હાઈ-વે રોડ સાઈડ આજી ડેમનો પૂર્વ બાજુનો કાંઠો, ખોખડદળ ગામમાં ખોખડદળ નદી, જુના માર્કેટીંગ યાર્ડ પાસે રાંદરડા તળાવ, ત્રંબા ગામમાં ત્રિવેણી નદીનો સંગમ કાંઠો, નવા રૂડા રીંગ રોડ પાસે કાળીપાટ ગામનો ડેમ, સરધાર ગામમાં દરબાર ગઢ પાસે ડેમ, જામનગર રોડ પર ઈશ્વરીયા પાર્કનું તળાવ, ન્યુ ૧૫૦ ફુટ રીંગ રોડ પર અટલ સરોવર, રોલેક્ષ સરોવર અને પરશુરામ મંદીર પાછળ તળાવ, યુનિવર્સીટી કેમ્પસમાં મેલડી માતાના મંદિરની સામે તળાવ, યુનિવર્સીટી ચાર રસ્તા પર પ્રશીલ પાર્કની પાછળ તળાવ, વેજાગામ પાસે તળાવ, રૈયા ગામ તળાવ, કાલાવાડ રોડ પર ન્યારી ડેમ -૧, મવડી ગામમાં કોપર એલીગન્સ સરોવર, સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે લાખાણી સરોવર, રંગોલી પાર્ક પાસે વીરવરુ સરોવર, નાના મૌવા ગામમાં પવિત્રમ પ્રયાગ સરોવર અને પાબારી સરોવર, કાલાવાડ રોડ પર જીબીયા સરોવર, કણકોટ રોડ પર સમન્વય સરોવરમાં પ્રવેશ સંદર્ભે પ્રતિબંધ મુકાયો છે.

આપત્તિના સમયમાં સરકારી ફરજ પર હોય તેવા વ્યક્તિઓને આ પ્રતિબંધાત્મક હુકમો લાગુ પડશે નહીં. ૩૦ જૂન, ૨૦૨૫ સુધી અમલમાં રહેનારા આ હુકમોનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.


# રાજકોટ શહેરના હોટલ-ગેસ્ટ હાઉસના માલિકોને મુસાફરોની વિગતો પથિક સોફ્ટવેરમાં ઓનલાઈન કરવા સૂચના

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેર વિસ્તારમાં બહારના જિલ્લા, રાજ્યો અને વિદેશમાંથી મોટા પ્રમાણમાં આવતા મુસાફરો સ્થાનિક હોટલ,ધર્મશાળા તથા અન્ય સ્થળોએ ભાડે રૂમ રાખી રહેતા હોય છે. આ મુસાફરો દેશવિરોધી પ્રવૃત્તિ સાથે જોડાયેલા હોવાની શક્યતાઓ રહેતી હોવાથી તેના પર વોચ રાખવા અને ચકાસણી કરવા પોલીસ કમિશનર શ્રી બ્રજેશકુમાર ઝા દ્વારા હોટલ, ધર્મશાળા,સમાજવાડી, મુસાફરખાના, ક્લબ હાઉસ, ગેસ્ટ હાઉસ, રિસોર્ટ, ધર્મસ્થળ, ધાબા તથા અન્ય સ્થળોના માલિકોએ ગ્રાહકને ભાડેથી આપતા સમયના ૨૪ કલાકમાં જ રજીસ્ટર એન્ટ્રી કરવા માટે પોતાના રિસેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેક્ટિવિટી સાથે કોમ્પ્યુટર રાખવા અને તેમાં ગુજરાત પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ "PATHIK" (PROGRAME FOR ANALYSIS OF TRAVELLER AND HOTEL INFORMATICS) સોફ્ટવેર ઈન્સ્ટોલ કરી, મેન્યુઅલ રજીસ્ટરમાં થતી તમામ એન્ટ્રીઓ તેમાં ઓનલાઈન કરવા હુકમ કરેલ છે.

વિદેશી/ભારતીય મુસાફરોને મળવા આવતા સ્થાનિક અને અન્ય મુલાકાતીઓની પણ અલાયદી નોંધ રાખી તેના અસલ ફોટો આઈડી ચેક કરી, નકલ મેળવી ફાઈલ સાથે રાખવાના રહેશે.આ ઉપરાંત અજાણ્યા ભારતીય કે વિદેશી વિઝીટર્સનું બુકિંગ કરાવનાર વ્યક્તિ કે પેઢી વગેરેના પણ નામ, સરનામા, ટેલીફોન નંબર સહિતની વિગતો સાથે રાખવાના રહેશે. હોટલ,લોજ,બોર્ડીંગ,ગેસ્ટ હાઉસમાં કામ કરતા તમામ માલિકો, ભાગીદારો, મેનેજરો, રિસેપ્શનિસ્ટ અને અન્ય કર્મચારીઓના હાલના તથા વતનના નામ, સરનામા અને મોબાઈલ નંબરોની અદ્યતન માહિતીની યાદી રિસેપ્શન પર રાખી તમામ કર્મચારીઓના પોલીસ વેરીફીકેશન દર છ માસે કરાવવાના રહેશે.કોઈપણ સંજોગોમાં પથિક સોફ્ટવેર બંધ જોવા મળે તો એસ.ઓ.જી.રાજકોટ શહેરનો સંપર્ક કરવાનો રહેશે. આ હુકમ રાજકોટ જિલ્લાના શહેર વિસ્તાર પર લાગુ રહેશે, તેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# ઉપલેટામાં હિન્દુ-મુસ્લિમના બે જૂથ વચ્ચે સશસ્ત્ર ધિંગાણું પાંચની ધરપકડ



બે વ્યકિત વચ્ચે થયેલ માથાકુટ કોમવાદ પર ઉતરી આવીઃ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત, ટોળા ઉમટી પડયાં

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ઉપલેટામાં હિન્દુ-મુસ્લિમના બેજૂથ વચ્ચે મારામારીનો બનાવ બનેલ છે. જેમાં પોલીસે ચાર ગુના દાખલ કરી પાંચ શખ્સોની ધરપકડ કરી છે. ઉપલેટામાં છેલ્લા કેટલાક સમયથી કોમવાદના કિસ્સા સામે આવી રહ્યા છે જેમાં વધુ એક કિસ્સાનો ઉમેરો થયો હોય તેમ ઉપલેટામાં શનિવારે રાત્રિ દરમિયાન બે જૂથ વચ્ચે થયેલી ગાળાગાળી અને મારામારીની બાબત કોમવાદ ઉપર ઉતારી દેવાય હોવાનું સામે આવ્યું છે જેમાં બબાલ બાદ સોશ્યલ મીડિયામાં વાયરલ થયેલ મેસેજપી લોકોના ટોળાને પોલીસ સ્ટેશન ખાતે ઉમટી પડયા હતા. આ બબાલ બાદ વધુ ઘર્ષણ પેદા ન થાય તે માટે રાજકોટ ગ્રામ્ય જિલ્લા પોલીસ વિભાગનો પોલીસ કાફલો ઉપલેટા ખાતે પહોંચ્યો હતો અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો ત્યારે આ મામલે ચાર અલગ અલગ પોલીસ ફરિયાદ નોંધાય છે

જેમાં બે સામસામે પોલીસ ફરિયાદ જ્યારે બે સરકાર તરફે પણ પોલીસ ફરિયાદ ખુદ પોલીસ દ્વારા થર્ષણ પેદા કરવાના મામલામાં દાખલ કરવામાં આવી છે.

આ બાબતમાં નોંધાયેલ ત્રણ અલગ અલગ પોલીસ ફરિયાદમાં એક ફરિયાદમાં ફરિયાદી મેહુલભાઈ કરસનભાઈ ચંદ્રવાડીયાએ નોંધાવેલ પોલીસ ફરિયાદમાં તૈયબ સુરીયા, એઝાઝ માકા, અલ્તાફ ઉર્ફે જુબેર અને એક અજાણ્યા વ્યક્તિ સામે ગાળાગાળી અને માર-મારીની ફરિયાદ નોંધાવતા ઉપલેટા પોલીસે આ મામલે ચારેય સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ મુજબ ફરિયાદ દાખલ કરેલ છે જ્યારે બીજી ફરિયાદ અહતાફભાઈ અલીમોહમ્મદભાઈ સુરીયા દ્વારા મેહુલ ચંદ્રવાડીયા તેમજ અન્ય ત્રણ અલગ અલગ વ્યક્તિઓ સામે પણ પોતાના માનસિક ભાઈની બોલેલ ગાળની બાબતને લઈને થયેલ બબાલમાં ગાળાગાળી અને મારામારીની બાબતમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૭(૨), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી. એક્ટની કલમ ૧૩૫ મુજબ ફરિયાદ દાખલ કરી છે.

આ મામલામાં વધુ એક ચોથી ફરિયાદ પોલીસે દાખલ કરી છે જેમાં રવિવારે બપોરના સમયે વધુ એક પોલીસ ફરિયાદ ઉપલેટા પોલીસ દ્વારા દાખલ કરવામાં આવી છે જેમાં જીતુભાઈ કરસનભાઈ સુવા નામના વ્યક્તિ દ્વારા ''દિનેશભાઈ ચંદ્રવાડીયાના ઘર પાસે મુસ્લિમો દ્વારા હુમલો' વાળા સોશિયલ મીડિયામાં વાયરલ કરેલ મેસેજ બાબતમાં હિંદુ મુસ્લિમ સમાજમાં ઘર્ષણ થાય તે પ્રકારના વાયરલ કરેલા મેસેજ અંગે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

# જીએસટી અપિલેટ પેનલ્ટી પર ૧૦% જોગવાઈ થી વેપારીઓને નુકસાનઃ કોંગ્રેસ




**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ અતુલ રાજાણી ની યાદી મુજબ જીએસટી કાયદો ૮ વર્ષોથી બન્યા બાદ અનેક નિયમોમાં ફેરફારો વેપારીઓ અને કરવેરા સલાહકારો માટે સમસ્યા રૂપ બન્યો છે. જીએસટી અપિલેટ ટ્રીબ્યુનલની નવી માર્ગદર્શિકા મુજબ જે વેપારીઓ ટ્રિબ્યુનલમાં અપીલ કરવા માંગે છે તેવા વેપારીઓએ ૧૦% નાણા ચૂકવવાના રહેશે એક તરફ વેપારીઓ અપીલ કરવાનું પ્રારંભથી રાહ જોતા હોય અને નવા નિયમની અમલવારી પણ ટૂંક સમયમાં થાય એ પહેલા ૧૦% નો વિરોધ થયો છે આ પેનલ્ટી ને પગલે નાના વેપારીઓને કમર તોડશે. જીએસટી અભિલેખમાં પેનલ્ટી ના ૧૦% ભરવાનો મુદ્દો તદન વ્યાજબી પરંતુ ફરીથી બીજી અપીલમાં ૧૦% ભરવાનો નિર્ણય છે તે એક તરફી અને અયોગ્ય છે કારણ કે સિમ્પલ જીએસટીનું હાલ તો સુરસુરિયા જેવું થયું છે. સરકારનો ઈરાદો વેપારીઓને રાહત આપવાનો છે કે કનડગત કરવાનો એ સરકાર જાહેર કરે. જીએસટી આર ૧, જીએસટી આર ૩બી અને જીએસટી આર ૯મા બધામાં પેનલ્ટી વસૂલવામાં આવી રહી છે. પ્રથમ અપીલમાં જ વેપારીઓને ૧૦% ચૂકવવાની જોગવાઈ છે હવે ૧૦% પેનલ્ટી પર ચૂકવવાના થતા ૨૦% ચુકવણા થઈ જાય.

નવા બજેટમાં પેનલ્ટી ની ડિમાન્ડમાં પણ ૧૦% ભરવાની જોગવાઈ છે આ રીતે સરકારને પેનલ્ટીમાં પણ મબલક આવક જોઈએ છે જુના કાયદા મુજબ પ્રાથમિક ભરણું ઘટાડવા તથા વિના ભરણે સાંભળવાની સત્તાનો છેદ ઉડાડી દેવાયો છે. જો વેપારીઓને નાની રકમની પેનલ્ટી હોય તો ૧૦% ચૂકવવાના યોગ્ય કહેવાય પરંતુ ટ્રીબ્યુનલમાં બીજી અપીલ માં ફરીથી ૧૦% ચૂકવવાની જોગવાઈ એ અપીલમાં યોગ્ય ન કહેવાય આ જોગવાઈનો વેપારીઓ અને કરવેરા સલાહકારો વિરોધ વ્યક્ત કરતા આવ્યા છે. નાના વેપારીઓને હળાહળ અન્યાય થયો હોવાની પૂરેપૂરી સંભાવના છે.

અગાઉ જીએસટીના મુદ્દે વિરોધ કરનાર શાસકો એ તત્કાલીન સમયે જણાવ્યું હતું કે જીએસટી એક આવશે પછી અન્ય કોઈ વેરા વેપારીઓને ભરવા નહીં પડે પણ આજે પણ તમામ વેરાઓ ચાલુ રાખવામાં આવ્યા છે. જે પગલે વેપારીઓને તોતિંગ વેરાઓ ભરપાઈ કરવા પડે છે. જેની સામે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ સરકારની ચાપલૂસી કરવાને બદલે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ભેદી મૌન ધારણ કરી લીધું છે. તેવું શહેર કોંગ્રેસે જણાવ્યું હતું.

# બાહોશ વ્યક્તિ વિશેષ દિગ્વિજયસિંહ ડી. જાડેજાનું વિશેષ સન્માન



**મુખ્ય સમાચાર,ઉના**
**અબ્દુલ પઠાણ**

દિગ્વિજયસિંહ ડી.જાડેજા એટલે બાહોશ, નીડર, કડક, આખાબોલા અને દયાળુ વ્યક્તિત્વ. ભાગ્યેજ કોઈ ૧૦૦ અધિકારીઓ કર્મચારીઓમાં કોઈ આવું વ્યક્તિત્વ નીખરી આવે. દિગ્વિજયસિંહ ડી.જાડેજા (IAS) હાલ ગીર સોમનાથ જિલ્લાના કલેકટર અને ડિસ્ટ્રિક મેજિસ્ટ્રેટ છે. સાહેબના દેખાવની વાત કરીએ તો પાંચ હાથ પુરી ઊંચાઇ, રંગે ઘઉવર્ણા, મર્દ મુછાળા, તેજસ્વી ભાલ, આખોમાં ચમક, સિહ સમાન ચાલ એમ પ્રજા સુખાકારી પ્રથમ વિચારે એવું રાજા જેવુ એમનું વ્યક્તિવ છે.

હા આજે મારે વાત કરવી છે ગીર સોમનાથ જિલ્લાના રાજાની. ઘણા સમય પછી આ જિલ્લાને એક બાહોશ, નીડર, તટસ્થ અને ન્યાયિક રાજા મળ્યા. દિગ્વિજયસિંહ જાડેજા એટલે આવતાની સાથે જ સમગ્ર જિલ્લાની પરિસ્થિતિ અને તાસીર જાણવા લાગ્યા. આમ તો જિલ્લાના અધિકારી કર્મચારીઓ જિલ્લાની પ્રજા માટે જ હોય છે શહેરમાં તમામ વ્યવસ્થા અને કાયદાનું સુચારું રીતે પાલન થાય તથા વહીવટી સરળતા રહે જિલ્લામાં વિકાસલક્ષી કાર્યો થાય, સ્વચ્છતા જળવાય, શિક્ષણ અને આરોગ્યની દ્રષ્ટિએ પણ જિલ્લો સમૃદ્ધ બને અને લોકોનું જીવનધોરણ સારું બને આવા મુખ્ય કામોની સાથે જિલ્લામાં ગેરકાયદેસર કામો સામે પણ લાલ આંખ કરવી અને તેને અટકાવવા. દિગ્વિજયસિંહ જાડેજાએ ગીર સોમનાથ જિલ્લામાં આવતાની સાથે જ સમગ્ર કાર્યનું મૂલ્યાંકન કરી અને ધીમે ધીમે બધા કાર્ય સારી રીતે થાય એ માટે પોતાની જાત રેળીને કાર્ય કરવાનું શરૂ કર્યું. સૌથી પહેલા તો સમગ્ર જિલ્લામાં તેમણે ગૌચરની જમીન જે શહેરીજનો અને ભૂમાફિયાઓ એ દબાવી હોય એ દબાણ હટવાની કામગીરી હાથ ધરી આ કામગીરી ઘણી જ મહેનત માંગી લે તેવી હતી તેમ છતાં ખૂબ જ કડક સ્વભાવ સાથે પૂર્ણ કરી. ખેડૂતોના પડતર રૂપી તમામ પ્રશ્નોને તાત્કાલિક ધોરણે નિકાલ કરવા લાગ્યા. નાણાં માણસને મળતા તમામ લાભ તેમને યોગ્ય સમયે મળે તેની તકેદારી રાખી,પોતાના આખાબોલા સ્વભાવ અને ત્વરિત કાર્ય કરવા ટેવાયેલા દિગ્વિજયસિંહ જાડેજાએ દરિયાકિનારા અને પ્રવાસન સ્થળોના વિકાસ માટેની કામગીરી પણ હાથમાં લીધી. બીચ ફેસ્ટિવલ જેવી ઈવેન્ટ કરી સ્થાનિક લોકોને રોજગારી પૂરી પાડવા પ્રયત્ન કર્યો. એટલું જ નહીં પોતે સ્થળ પર જઇ તમામ કાર્ય જાતે મૂલ્યાંકન કરી સૂચનો આપી પૂરું કરાવે છે.

દિગ્વિજયસિંહ જાડેજાએ ખરેખર કલેકટર કોને કહેવાય, તે શું શું કાર્ય કરી શકે તેવા તમામ કાર્ય કરીને સમગ્ર ગુજરાત રાજ્યમાં એક શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પડ્યું છે. કામગીરી દરમિયાન પણ સાહેબ દરેક વ્યક્તિ જોડે માનવતાપૂર્ણ વ્યવહાર, નાના બાળક સાથે બાલ સહજ નિખાલસ બનતા જોયા છે અને સામાન્ય જનતા સાથે હસતાં ચહેરે સેલ્ફી લેતા પણ જોયા છે. એટલું જ નહીં શરદપૂનમ જેવા તહેવારોમાં ઓફિસ સ્ટાફ સાથે ગરબા કરતાં પણ જોયા છે. ખરેખર તો કોઈ પ્રદેશનો રાજા એટલે પ્રજાનો ભગવાન. એ કોઈ ના કરી શકે તેવા વર્ષોથી પડી રહેલ પડતર પ્રશ્નોને ઉકેલ્યા છે અને પ્રજાના ભગવાન તરીકે લોકના હદયમાં ભગવાન અને રાજા તરીકે પોતાની છાપ ઉપસાવી છે. જેમ કોઈ પણ વ્યક્તિનું હમેશા કાર્ય બોલતું હોય છે. તેને કર્મ ને જ ખરો ધર્મ સમજીને એવા સુંદર કાર્યો કર્યા ક લોકોમાં એક આગવી છાપ પાડી છે. દિગ્વિજયસિંહ જાડેજાની ગીર સોમનાથ જિલ્લામાં એવી રીતે કાર્ય કર્યું કે તેનો અવાજ સમગ્ર ગુજરાત અને ગાંધીનગરમાં ગુંજી ઉઠ્યો, સાહેબને પ્રમોસન પણ મળ્યું.

આથી હું જાહેર જનતા તરીકે કહી શકું કે ''મારા કલેકટર એટલે મારા રાજા.'' એક બાહોશ, નીડર, તેજસ્વી, પ્રામાણિક, નિખાલસ અને દયાનું નેતૃત્વ ધરાવતા ઝાબાજ ઓફિસર એટલે દિગ્વિજયસિંહ જાડેજા. આપ જેવી રીતે ગીર સોમનાથ જિલ્લાની જનતાના ખરા અર્થમાં રાજા બન્યા એ સમગ્ર કામગીરીને લોકો વર્ષો, દાયકાઓ અને સદીઓ સુધી યાદ રાખશે. આપે પ્રજા માટે જે અમૂલ્ય અને અતુલ્ય કાર્યો કર્યા તે માટે સમાજ આપનો ઋણી રહેશે. આપની બદલી એ સમાચાર સાંભળવા અમારા માટે ખુબજ મુશ્કેલ છે આ સમયે અમે એટલું જ કહી કે સાહેબ આપના નેતૃત્વને સલામ, આપના કાર્યોને વંદન અને આપના હાથે હમેશા સારા કાર્યો થતાં રહે તથા ભગવાન સોમનાથ આપને હમેશા તંદુરસ્ત રાખે તથા હજુપણ નિવૃતિ સુધી કાર્યો કરતાં રહો તેવી લાખો કરોડો શુભેચ્છાઓ. આપ આમજ લોકોની આંખોમાં હમેશા ચમકતા રહો અને લોકોના સિરતાજ સમાન રાજા બની લોકોના કાર્યો કરતાં રહો તેવી શુભકામના છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# જયનગર મફતીયાપરામાં ડેલામાંથી ભંગારની ચોરી કરી ભાગતા તસ્કરોને પડકારતા વૃધ્ધની તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા

**આજીડેમ પોલીસે ગુનો નોંધી ચુનારાવાડના બે સગીર સહિત ચાર ધુળધોયાને દબોચી લીધા**





**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના કોઠારીયા રોડ પર મોડી રાત્રે જયનગર મફતીયાપરામાં પાડોશીના ડેલામાં ચોરી કરવાં ઘુસેલા તસ્કરોને પડકારતા વૃધ્ધની તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરી નાખતા ચકચાર મચી જવા પામી છે આજીડેમ પોલીસે મૃતકની ફરીયાદ પરથી ગુનો નોંધી બે સગીર સહિત ચાર શખસોને દબોચી લઈ પુછ્તાછ હાથ ધરી છે ડેલામાંથી ૧૬ હજારનો ભંગાર ચોરી કર્યા ની કબુલાત આપી હતી

આ અંગેની માહિતી મુજબ કોઠારીયા રોડ પર આવેલ જયનગરમાં મફતિયાપરામાં રહેતાં અને ઈંટોના ભઠ્ઠામાં કાર કરતા રાહુલભાઈ દેવશીભાઈ સોલંકી ઉ.૨૩એ જી જે ૦૩બીયુ ૯૨૬૬ નંબરના રીક્ષા તથા અન્ય રીક્ષાના ચાલક સામે આજી ડેમ પોલીસ સ્ટેશનમાં પિતા દેવજીભાઈ હકુભાઈ સોલંકી (ઉ.વ.૬૦)ની હત્યા અંગે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યું હતુ કે ગત રાતે ઉનાળાના દિવસો હોવાથી પિતા ઘર બહાર ફળિયામાં સૂતાં હતાં ત્યારે મોડી રાત્રીના અઢી વાગ્યા માતા રમીલાબેન ઘરનો દરવાજો ખખડાવતા કાકાએ દરવાજો ખોલ્યો હતો અને રડતા રડતા તમારા ભાઈ લોહીલુહાણ હાલતમાં પડયા છે તેમ કહેતા ત્યાં જઈને જોતા પિતા લોહીલુહાણ હાલતમાં પડયા હતા ત્યાં ઉપરોક્ત રીક્ષાવાળા ઉભા હોય જેને અમે બોલાવ્યા ન હતા છ્તા ત્યાં ઉભા હતા જેથી તેમાં પિતાને હોસ્પિટલે ખસેડયા હતા પિતાને મોઢા, - છાતી, ખંભાના ભાગે તીક્ષ્ણ હથીયારના ઘા ઝીંકી દીધા હોવાથી ફરજ પરના તબીબોએ જોઈ તપાસી મૃત જાહેર કર્યા હતા આ દરમિયાન પાડોશી અશોકભાઈએ જણાવેલ કે શેરીમાં ધુળધોયાનો ધંધો કરતા સંજયભાઈ ડોડીયાના ડેલામાંથી ચોરી થયેલ છે જેથી તપાસ કરતા તેમના ડેલામાંથી ૧૬ હજારના વેસ્ટેજના ૧૦ બાચકા ચોરી થઈ ગયાનુ જાણવા મળ્યુ હતુ બનાવની જાણ થતાં આજીડેમ પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને તપાસ શરૂ કરી હતી દરમીયાન આજીડેમ પીએસઆઈ જનકસિંહ રાણા, એઅસઆઈ હારુનભાઈ ચાનીયા સહિતના સ્ટાફે આ ગુનામાં સંડોવાયેલ બે સગીર, રવિ સંજયભાઈ સોલંકી અને મનીષ મણીલાલ નારોલા સહિતના ચારેય શખસોને દબોચી લઈ આગવી ઢબે પૂછ્તાછ કરતા ચારેય ચોરી કરવા ધુસ્યા ત્યારે વૃધ્ધ જાગી જતા. હુમલો કર્યાની કબુલાત આપી હતી

# યુવરાજનગરમાં માસૂમ બાળકને બિલાડીએ ફાડી ખાતા કરૂણ મૃત્યુ

## એકના એક પુત્રના મોતથી પરિવારમાં અરેરાટી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આજી ડેમ પાસેના યુવરાજનગરમાં ઘોડિયામાં સૂતેલા ૩૫ દિવસના બાળકને બિલાડીએ ગળા પર બચકાં ભરી લીધાં હતાં.લોહીલુહાણ થઇ ગયેલા બાળકનું થોડી જ મિનિટોમાં મૃત્યુ થયું હતું. ઘટનાથી એ વિસ્તારના લોકોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. આ ઘટનામાં આજીડેમ પોલીસ તપાસ કરી રહી .

આ અંગેની વિગતો મુજબ યુવરાજનગરમાં રહેતા એક મહિનાના જયપાલ ઘુઘાભાઈ જાદવને રવિવારે બપોરે ગળે ઇજા થયેલી હાલતમાં બેભાન સ્થિતિમાં બાળકોની હોસ્પિટલમાં લઈ જવાયો હતો જ્યાં ફરજ પરના તબીબે બાળકને જોઈ તપાસી મૃત જાહેર કર્યો હતો. બાળકની માતાએ ઘટના અંગે વાત કરી તો ડોક્ટર પણ ચોંકી ગયા હતા. બનાવ અંગે જાણ કરાતાં આજી ડેમ પોલીસની ટીમ પણ હોસ્પિટલે દોડી ગઈ હતી. પોલીસે જણાવ્યું હતું કે, ઘુઘાભાઈના પત્ની હેતલબેને એક મહિના પહેલાં પુત્રને જન્મ



આપ્યો હતો. પ્રથમ સંતાનમાં જ પુત્રની પ્રાપ્તિ થતાં જાદવ પરિવારમાં ખુશી છ્વાઈ ગઈ હતી. રવિવારે ઘુઘાભાઈ ચોટીલાના તરકિયા ગામે લગ્ન પ્રસંગમાં ગયા હતા.

બપોરે ઘુઘાભાઈના માતા હેમીબેન આજી ડેમ નજીક નદીએ કપડાં ધોવા ગયા હતા. ઘરમાં હેતલબેન અને તેનો પુત્ર જયપાલ બે વ્યક્તિ હતા. જયપાલ ઘોડિયામાં સૂતો હતો. માતા હેતલબેન ઘરમાં ઘોડિયાથી થોડે દૂર થયા તે વખતે જ અચાનક બિલાડી ધસી આવી હતી અને ઘોડિયામાં સૂતેલા માસૂમ જયપાલના ગળા પર ત્રાટકી હતી. ફૂલ જેવા જયપાલના ગળે બિલાડીએ બચકાં ભરી લેતાં બાળક લોહીલુહાણ થઇ ગયો હતો અને તે વખતે જ બેભાન થઇ ગયો હતો. થોડીવાર બાદ હેતલબેન ઘોડિયા પાસે પુત્ર જયરાજને જોવા આવ્યા તો તે સ્તબ્ધ થઇ ગયા હતા.ત્યાં જોયું તો પુત્ર જયરાજ લોહી લુહાણ હાલતમાં પડ્યો હતો. તેઓ પણ બેભાન જેવા થઈ ગયા હતા.એકના એક પુત્રના આકસ્મિક મૃત્યુથી જાદવ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. પુત્રને લોહિયાળ સ્થિતિમાં જોઈ હતપ્રભ થઇ ગયા હતા અને શું કરવું તેનું પણ ભાન રહ્યું નહોતું. હેતલબેન ઘરના ઉંબરે ઊભા ઊભા રડી રહ્યા હતા. તે વખતે જ તેમના સાસુ હેમીબેન કપડાં ધોઈને આવ્યા હતા અને તેમણે માસૂમ જયપાલને જોતા જ દેકારો મચાવી દેતાં લોકો એકઠા થઈ ગયા હતા અને જયપાલને હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જોકે ત્યાં તબીબોએ બાળકને મૃતજાહેર કર્યો હતો.આ ઘટનામાં આજીડેમ પોલોસે હાલ તપાસ જારી રાખી હોવાનું જાણવા મળી રહ્યું છે.

# સાત દિવસથી ગુમ થયેલા યુવકનો પડધરી પાસે ન્યારી ડેમમાંથી મૃતદેહ મળતા પરિવારમાં કલ્પાંત

## લાપત્તા સોની વેપારીએ મારી સાથે ચીટીંગ થયું છે તેવો વીડિયો બનાવી કર્યો આપઘાત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના સામાકાંઠે મોરબી રોડ પર સેટેલાઈટ ચોકમાં આવકાર હાઈટસમાં રહેતો સોની વેપારી ગઈ તા. ૨૮/૪ના રોજ ગુમ થયા બાદ સવારે પડધરીના ન્યારી ડેમ-રમાંથી તેની લાશ મળી આવતા ચકચાર મચી જવા પામી છે.

યુવાને આપઘાત પુર્વે તેને એક વિડીયો બનાવ્યો હતો. જેમાં તે બોલી રહ્યો છે કે મારી સાથે ચીટીંગ થયું છે. વેપારીએ કરેલા આપઘાત પ્રકરણમાં તેનો મોબાઈલ એફએસએલમાં મોકલવામાં આવશે તેમજ આ અંગે પડધરી પોલીસ તપાસ ચલાવી રહી છે.



આ અંગેની માહિતી મુજબ મોરબી રોડ સેટેલાઈટ ચોક આવકાર હાઈટસમાં રહેતા ધવલભાઈ બીપીનભાઈ લાઠીગ્રા (સોની) (ઉ.વ.૩૧) નામના યુવાનની પડધરી પાસેના ન્યારી ડેમ-રમાંથી લાશ મળી આવતા મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પીટલમાં ખસેડાયો છે. તેમને સંતાનમાં એક ૧૦ મહિનાની દીકરી છે તેમજ ધવલ સોની પેલેસ રોડ પર હીરાપન્ના નામની દુકાન ધરાવી ત્યાં સોની કામ કરતો હતો પોતે બે બહેનનો એકનો એક ભાઈ હતો.

તેમના પરિવારે જણાવ્યું હતું કે ધવલ તા. ૨૮/૪ના રોજ ઘરેથી ગુમ થયો હતો અને તેન ગુમનોંધ બી ડીવીઝન પોલીસમાં કરી હતી. ત્યાર-બાદ તેની શોધખોળ કરી હતી. પરંતુ ક્યાંય મળી આવ્યો નહોતો અને પોલીસમાંથી કોલ આવ્યો કે ધવલનો મૃતદેહ ન્યારી ડેમમાંથી મળી આવ્યો છે.

બીજી બાજુ ધવલન એક વીડીયો સામે આવ્યો હતો તેમાં તે બોલતો હતો કે તેની સાથે ચીટીંગ થયું હતું. જેના નામ તે લઈ શકે તેમ નથી પરંતુ માણસ કોઈ દિવસ ખોટુ ન બોલી સૌનુ સારૂ કરે ભગવાન, શ્રી કૃષ્ણ. આ વિડીયો મારફતે પડધરી પોલીસે તપાસ શરૂ કરી છે.

# અમદાવાદ એરપોર્ટ પરથી ફરી ૧૯.૭૨ કરોડનો ગાંજો પકડાયો

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

દાણચોરી માટે ફેવરીટ અમદાવાદ એરપોર્ટ હવે હાઈબ્રિડ ગાંજાનું દેશનું પ્રવેશ દ્વાર બની ગયુ હોય તેવો ઘાટ થયો છે.બેંગકોકથી આવી રહેલી મુસાફર પાસેથી ફરી એર ઈન્ટેલીજન્સ યુનિટે રૂા.૧૯.૭૨ કરોડનો ૧૯,૭૨૮ કિલો હાઈડ્રોપોનિકસ ગાંજો ઝડપી લીધો હતો.



આ મુસાફર ગાંજો કોના માટે લાવી રહ્યો હતો તેની તપાસ ચાલી રહી છે.અત્રે ઉલ્લેખનીય છે કે અમદાવાદ એરપોર્ટ પરથી છેલ્લા પખવાડીયામાં ૧૧૦ કરોડનો હાઈડ્રોપોનિકસ ગાંજો ઝડપાયો છે જે ચિંતાજનક બાબત છે.

અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એર ઈન્ટેલીજન્સ યુનિટનાં અધિકારીઓને બાતમી મળી હતી કે બેંગકોકથી આવી રહેલી એક ફલાઈટમાં એક મહિલા મુસાફર ગાંજાનો જથ્થો લઈને આવે છે. તેને પગલે અધિકારીઓ એલર્ટ બની ગયા હતા.

ફલાઈટ લેન્ડ થાય બાદ બાત-મીવાળી મહિલા મુસાફરને અલગ તારવવામાં આવી હતી. પૂછપરછ કરતાં તેણે પોતાની પાસે કંઈ વાંધાજનક ચીજ ન હોવાની કેફીયત રજુ કરી હતી. જોકે તેની તપાસ કરતાં ટ્રોલી બેગમાંથી ૧૮ એરટાઈટ પેકેટ મળી આવ્યા હતા.

જેમાં લીલાશ પડતાં ગઠ્ઠાવાળો પદાર્થ હતો. ડિપાર્ટમેન્ટે તેની તપાસ કરાવતાં આ પેકેટમાં પ્રતિબંધીત હાઈડ્રોપોનિકસ ગાંજો મળી આવ્યો હતો. અધિકારીઓએ આ ૧૯.૭૨ કરોડનો ૧૯,૭૨૮ કિલો ગાંજો કબ્જે લઈ ગાંજો લાવનાર મહિલાની તપાસ આદરી છે.

# સોની બજારમાં વધુ એક બંગાળી કારીગરે વેપારીને લગાવ્યો રૂ.૭૬.૮૦ લાખનો ચુનો

**બે વર્ષ પહેલા સોનાની બુટી બાલી સહિતના દાગીના બનાવવા ૧૩૦૦.૨૪૦ ગ્રામ ફાઈન સોનુ વેપારીએ આપ્યું હતું કારીગરે દાગીના ન બનાવી ૮૦૦.૨૪૦ ગ્રામ ઓળવી જતા એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાય**

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટની સોની બજારમાં વધુ વેપારીને બંગાળી કારીગરે રૂપિયા ૭૬.૮૦ લાખ ના સોનાનો ચુનો ચોપડી ભૂગર્ભમાં ઉતરી જતા એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાય છે




અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ સોની બજારમાં આવેલ ગોલ્ડન માર્કેટ પાસે શ્રી હરી ઓર્નામેન્ટ જ્વેલર્સ ની દુકાન ના નામે વેપાર કરતાં અને પ્રહલાદ પ્લોટ શેરી નંબર ૨૫ માં દિગ્વિજય મેઇન રોડ પર રહેતા તરુણભાઈ કનૈયાલાલ પાટડીયા નામના ૬૨ વર્ષીય સોની વેપારીએ હાથી ખાના શેરી નંબર ૧૭ માં રહેતો અને સોની બજારમાં સોનાના દાગીના બનાવવાનું કામ કરતો અબુજાફર ઝમાદાર બંગાળી નમના વિષમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે અગાઉ વેપારીએ આ બંગાળી કારીગરને બે વર્ષ પહેલા ફાઈન સોનુ ૧૩૦૦ . ૨૪૦ ગ્રામ સોનાની બુટ્ટી તથા બાલી અને અન્ય દાગીના બનાવવા માટે આપ્યું હતું આ કારીગરે સોનુ પરત નહીં આપી કે દાગીના પરત નહીં આપી ખોટા વાયદા કર્યા હતા. ત્યારબાદ કટકે-કટકે ૫૦૦ ગ્રામ ફાઈન સોનુ તેણે વેપારીને પરત આપ્યું હતું બાકી રહેતો ૮૦૦. ૨૪૦ ગ્રામ ફાઈન સોનુ કિંમત રૂપિયા ૭૬ લાખ ૮૦ હજાર નું ભરત નહીં આપી ખોટા વાયદા કરી ઓળવી જતા ફરિયાદ નોંધાય છે બનાવના પગલે એ ડિવિઝન પોલીસ મથકના પી.એસ.આઇ એમ આર મકવાણાએ બંગાળી કારીગર વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે

# અમદાવાદમાં તા.૧૧ના દિવ્યાંગો માટે જીવનસાથી પસંદગી મેળો યોજાશે

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

દિવ્યાંગ યુવક યુવતીઓને પણ પરણવાનો અધિકાર છે. તેથી અનુબંધ ફાઉન્ડેશન અને ધી સોસાયટી ફોર ફિજીકલી હૅન્ડીકેપ્ડ, ગુજરાત દ્વારા સમગ્ર ગુજરાતના ધર્મજ્ઞાતિના ભેદભાવ વિના વિકલાંગ- માનસિક અને શારીરિક ખોડ ખાંપણ ધરાવતા, શરીરે સફેદ ડાઘ વાળા,આંખ/ કાનની તકલીફવાળા, રતાંધળાપણું / માથામાં ઓછાવાળ ઓછી હાઈટવાળા,બોલવામાંતકલીફ ધરાવતા, બેહરા, મૂંગા, અંધજન વગેરે કુંવારા, ડિવોર્સી, વિધવા વિધુર,ઉમેદવારો માટે વિના મુલ્યે તા.૧૧ મે, રવિવારના મેંહદી નવાઝ જંગ હોલ, શેફાલી સેન્ટર સામે, પાલડી ચાર રસ્તા,અમદાવાદ મુકામે બપોરે ૧૨.૦૦ કલાકે જીવનસાથી પસંદગી મેળાનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. ઇચ્છુક ઉમેદવારોને સંમેલનમાં ૧૧.૦૦ કલાકે - ફોટો અને બાયોડેટા સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે. નરજીસ્ટ્રેશન ૧૧ થી ૧૨ દરમિયાન થશે.સમગ્ર કાર્યક્રમ ૪ વાગ્યા સુધી ચાલશે. વધુ વિગત માટે સંપર્ક:નટુભાઈ પટેલ ૮૩૨૦૩૭૨૨૬૪ / કાંતિભાઈ પરમાર ૯૪૨૭૦૦૭૦૭૨ સર્પક કરવા જણાવેલ છે.

# ભંડારીયા પાસે ટ્રકમાં પાવડરની આડમાં છુપાવેલો ૪૧.૨૩ લાખનો દારૂ-બીયર નો જથ્થો ઝડપાયો

## વાહનમાં પંચર પડી જતા એલસીબીએ ભાડલા પોલીસને જાણ કરી હતી, ૫૧.૪૮ લાખના મુદામાલ સાથે જયપુરના શખસની ધરપકડ, પૂત્રનું નામ ખુલ્યુ



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ રૂરલ એલસીબી અને ભાડલા પોલીસે ટ્રકમાં પાવડરની થેલીની આડમાં સંતાડી જસદણ લઈ જવાતો ૪૧.૨૩ લાખનો દારૂ-બિયર અને ટ્રક મળી સહિત ૫૧.૪૮ લાખનો મુદામાલ કબ્જે કરી એકની ધરપકડ કરી છે.

આ અંગેની માહિતી મુજબ રાજકોટ રૂરલ એલસીબી પીઆઈ વી. વી.ઓડેદરાની રાહબરીમાં પેટ્રોલીંગમાં હતો દરમિયાન સ્ટાને મળેલી બાતમી આધારે ભંડારીયા ગામ પાસે ગઢડિયા જવાના રસ્તા પર વોચ ગોઠવી હતી દરમિયાન પસાર થતા રાજસ્થાન પાર્સિંગના ટેઈલરને અટવવાનો ઈસારા કરતા ચાલકે ટેઈલર ભગાડી મૂકતાં પીછો કરવા જતા પોલીસની ગાડીમાં પંચર પડયુ હતું જેથી ભાડલા પીઆઈને વાત કરતા પીઆઈ જે.એચ.સીસોદીયા અને ટીમે ભંડારીયા ગામ તરફ જતા રસ્તા પાસે પહોંચતા સામેથી એક ટ્રક આવતો

જોવામાં આવેલ જેથી રોડ પર આડશ રાખી ટેઈલર ઉભુ રખાવેલ તે દરમિયાન એલસીબીની ટીમ પણ ત્યાં પહોંચી ગઈ હતી બાદમાં ટેઈ લર ચેક કરતા ટેઈલરમાં સફેદ કલરના પાવડરની થેલીની આડશમાંથી દારૂનો જથ્થો જોવા મળતા ટ્રક ડ્રાઈવરનું નામ પુછ્તા પોતે જયપુરનો મહેશકુમાર પ્રભુદયાલ શર્મા ઉ.૫૫ હોવાનું જણાવેલ હતું. જે બાદ પોલીસે દારૂની ૨૬૩ પેટી બોટલ ૬૭૫૩ અને બિયરના ટીન ૧૧૯૮ મળી આવતાં પોલીસે કુલ ૪૧.૨૩ લાખનો દારૂ-બિયર અને ટ્રક, મોબાઈલ મળી કુલ રૂ.૫૧.૪૮ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ટ્રક ચાલકની પુછ્તાછ કરતા પંજાબના લુધિયાણાથી તેના પુત્ર અમિતકુમાર શર્માએ દારૂ-બિયરનો જથ્થો ભરી દિધો હતો જે વોટ્સએપ કોલથી પૂત્ર જણાવે તે મુજબ જસદણ સપ્લાય કરવાનો હોવાનુ જણાવતા પોલીસે હાથ ધરી છે.

# સદભાવના સોસાયટીમાં વૃદ્ધનું અપહરણ કરવાનો પ્રયાસ કરનાર બે સગીર સહિત સાત ઝડપાયા

## વૃધ્ધનું બાવડુ પકડી અપહરણનો પ્રયાસ કરનારનો ભેદ ઉકેલાયો ફરાર બે શખસોની શોધખોળઃ લુંટ કરવા બાઈક પર આંટાફેરા કર્યા'તા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સોરઠીયાવાડીમાં પાસે દુકાન વધાવીને ઘરે જતા વૃદ્ધ ને નંબર પ્લેટ વગરની કારમાં આવેલા ચાર અજાણ્યા શખસોએ છરી બતાવી અપહરણનો પ્રયાસ કર્યો હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી સીસીટીવી આધારે તપાસ હાથ ધરતા બે શખસો બાઈક પર ત્રણવાર આંટાફેરા કરતા કેદ થતા પોલીસે ટેકનીસોર્સીની મદદથી બે સગીર સહિત સાત શખસોને દબોચી લીધા હતા. જયારે ફરાર બેલડીની શોધખોળ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ પટેલનગર-૪માં આવેલ સદભાવના સોસાયટી શેરી નં ૧માં રહેતા જગદીશભાઈ કાન્તીલાલ શાતાએ ભકિતનગર પોલીસમાં નંબર પ્લેટ વગરની સ્વીફટ કારમાં આવેલા ચાર અજાણ્યા શખસો સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત.તા.૨૩/૪ના તેઓ સોરઠીયાવાડીમાં આવેલ સીંગ-દાળીયાની દુકાન વધાવી ઘરે જતા હતા ત્યારે કારમાં ચાર શખસો ધસી આવ્યા હતા.અને પાછળથી બે શખસો મોઢા પર રૂમાલ બાંધીને મારી પાસે આવી છરી બતાવી કારમાં બેસી જા કહેતા તેઓએ ઈન્કાર કરેલ જેથી બન્ને વૃધ્ધનું બાવડુ પકડતા તેઓ છોડવવા જતા બાઈક પરથી પટકાયેલ હતા.જેથી રાડારાડી કરતા ચારેય નાશી છુટયા હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વિવિધ ટીમો બનાવી બનાવ સ્થળે કેમેરા તપાસતા બે શખસો બાઈક પર ત્રણવાર આંટાફેરા કરતા કેદ થયા હતા. બાદ પોલીસે ખાનગી રાહે તપાસ કરતા નવા થોરાળાના અવધપાર્ક શેરી નં ૪માં રહેતો નિખીલ મુકેશભાઈ ચાવડા હોવાનું જાણવા મળતા તેને દબોચી પુછ્તાછ કરતા પોતે અન્ય મિત્રો સાથે મળી લૂંટ કરવાના ઈરાદે વૃધ્ધના અપહરણનો પ્રયાસ કર્યો હતો પરંતુ વૃધ્ધ બાઈક પરથી નીચે પટકાતા તેને દેકારો કરતા તમામ નાશી ગયા હોવાની કબુલાત આપતા પોલીસે કરણ અશોકભાઈ સરવૈયા, મીત કિશોરભાઈ પરમાર, નયન જ્યોતીશભાઈ દાફડા, સુજલ દિપકભાઈ પરમાર અને બે બાળ કિશોરો સહિત સાતની ધરપકડ કરી હતી. જયારે ફરાર રાહુલ ચાવડા અને ફરાદની શોધખોળ હાથ ધરી છે.

# અમરેલીના ગાવડકા નજીક શેત્રુંજી નદીમાં નહાવા પડેલા ૪ યુવાનોના ડૂબી જતા મોત અરેરાટી

**મુખ્ય સમાચાર,અમરેલી**

અમરેલી ના ગાવડકા નજીક શેત્રુંજી નદીમાં ૪ યુવાનો ન્હાવા પડયા હતા જેમાં નદીના ઊંડા પાણીમા ડૂબી જતા મૃત્યુ નીપજતા અરેરાટી વ્યાપી ગઈ હતી ફાયર વિભાગના તરવૈયાઓએ ભારે જહેમત ઉઠાવ્યા બાદ ચારેય યુવાનના મૃતદેહ બહાર કાઢયા હતા મુળ ધારીના મીઠાપુર ડુંગળીના યુવાનો વેકેશનમાં ન્હાવા આવ્યા હતા અને કાળ આંબી ગયો હતો બનાવનછ જાણ થતા મૃતકના પરીવારજનો દોડી આવ્યા હતા અને તેમના હૈયાફાટ આક્રંદથી કરૂણ કરુણ દ્રશ્યો સર્જાયા હતા

આ અંગે જાણવા મળતી વિગતો મુજબ અમરેલી તાલુકાના ગાવડકા નજીક આવેલી શેત્રુંજી નદીમાં ૪ યુવાન



**ફાયર વિભાગના તરવૈયાઓએ ચારેયના મૃતદેહ બહાર કાઢતા ભારે ગમગીનીઃ ધારીના મીઠાપુર ડુંગળીના યુવાનો વેકેશનમાં ન્હાવા આવ્યા અને કાળ આંબી ગયો**

વ્યક્તિઓ નહાવા જતાં ડૂબ્યા હતા. નદી કાંઠેથી કપડાં મળી આવ્યા છે. આ ઘટના અંગે અમરેલી ફાયર વિભાગને જાણ કરાતા ડિસ્ટ્રિક્ટ ફાયર ઓફિસર એચ. સી. ગઢવીની આગેવાનીમાં ફાયરની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને ટીમ દ્વારા બાળકોને બહાર કાઢવા ઓપરેશન શોધખોળ શરૂ કરવામાં આવ્યું હતું. પ્રથમ દ્રષ્ટિએ નદીમાં ડૂબી જવાથી ૩ના મોત થયા હોવાનું સામે આવ્યું હતું. જ્યારે અન્ય ૧ યુવાનની શોધખોળ ચાલી રહી હતી અને અંતે તેનો પણ મૃતદેહ મળી આવ્યો છે. આ અંગેની જાણ થતા મામલતદાર, પોલીસ વગેરે સ્ટાફ પણ ઘટના સ્થળે દોડી ગયા હતા.


ચારેય મૃતકો મૂળ ધારી તાલુકાના મીઠાપુર ડુંગરી ગામના વતની છે. ભાર્ગવભાઈ રાઠોડ ઉમર અંદાજિત ૨૦ વર્ષ, નરેન્દ્ર ભાઈ વાળા ઉમર અંદાજિત ૧૮ વર્ષ, કૌશિકભાઈ રાઠોડ ઉમર અંદાજિત ૨૧ વર્ષ અને સાગરભાઈ ખોડાભાઈ દાફસા ઉમર અંદાજિત ૨૭ વર્ષના છે. એક સાથે ચાર આશાસ્પદ યુવાનોના મોતથી કમકમાટી પ્રસરી જવા પામી છે.

# ગોંડલ ચોકડીએ રીક્ષાચાલકોનો આતંક ST બસના ચાલક અને ક્લીનર ઉપર હુમલો

## હોર્ન મારવા મુદ્દે લુખ્ખા તત્ત્વો છરી-પાઈપ વડે તૂટી પડયા; હુમલાખોર ઈજા પહોચ્યાના આક્ષેપ સાથે સારવારમાં, હુમલો કરનાર બે શખ્સોની પોલીસે કરી ધરપકડ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગોંડલથી રાજકોટ આવતી એસટી બસ ગોંડલ ચોકડી ખાતે પેસેન્જરોને ઉતારવા ઉભી રહી હતી ત્યારે રીક્ષા ચાલકે બસ આડે રીક્ષા ઉભી રાખી દેતા એસટી ડ્રાઈવરે હોર્ન મારયો હતો. જેથી રીક્ષા ચાલકોએ ગાળો ભાંડી એસટી ડ્રાઈવર અને કંડકટર ઉપર છરી અને પાઈપ વડે હુમલો કર્યો હતો. હુમલામાં ઘવાયેલા ડ્રાઈવર અને આપા હુમલાખોર શખ્સને પણ ઈજા પહોંચી હોવાના આક્ષેપ સાથે સારવાર અર્થે ખસેડાયો હતો. આ બનાવ અંગે પોલીસમાથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટનાં મવડી વિસ્તારમાં રહેતા અને એસટીમા ફરજ બજાવતા ડ્રાઇવર કિશોરસિંહ દિલીપસિંહ જાડેજા (ઉ.વ.૪૩) અને કંડકટર સંદીપસિંહ ગુલાબસિંહ પરમાર (ઉ.વ. ૪૮) ગોંડલથી રાજકોટ રૂટની એસટી





બસ લઈને આવતા હતા ત્યારે ગોંડલ ચોકડી પાસે પેસેન્જરને ઉતારવા બસ ઉભી રાખી હતી. ત્યારે રીક્ષા ચાલકે બસ આગળ રીક્ષા ઉભી રાખી દીધી હતી જેથી એસટી ડ્રાઈવર કિશોરસિંહ જાડેજાએ હોર્ન મારતા રીક્ષા ચાલક સહિત ૪ શખ્સોએ ઉશ્કેરાઈ જઈ કિશોરસિંહ જાડેજાને ગાળો ભાંડી હતી. કિશોરસિંહ ગાળો દેવાની ના પાડતા રીક્ષા ચાલકોએ ઉશ્કેરાઈ જઈ કિશોરસિંહ જાડેજા અને કંડકટર સંદીપસિંહ પરમાર પર છરી અને ધોકા વડે હુમલો કર્યો હતો. સંદીપસિંહ બેશુધ હાલતમા ઢળી પડયા હતા જયારે કિશોરસિંહ જાડેજાને ઈજાગ્રસ્ત હાલતમા હુમલાખોરોથી ડરીને ભાગ્યા હતા અને અન્ય રીક્ષામાં બેસી વાવડી પોલીસ ચોકી ખાતે પહોંચ્યા હતા જયા ઘટના અંગે પોલીસને જાણ કરી હતી જેને પગલે પોલીસ કિશોરસિંહ જાડેજાને સાથે લઈ તાત્કાલીક ગોંડલ ચોકડી પહોંચી હતી. પરંતુ હુમલાખોર શખ્સો હાજર નહી મળતા પોલીસ દ્વારા ગંભીર રીતે ઘવાયેલા એસટી ડ્રાઈવર અને કંડકટરને સારવાર માટે સિવીલ હોસ્પીટલ ખાતે ખસેડાયા હતા.

જયારે હુમલાખોર સંજય રમેશ વાઘેલા (ઉ.વ. ૨૯) ને પણ ઈજા પહોંચી હોવાનાં આક્ષેપ સાથે સારવાર માટે સિવીલ હોસ્પિટલ ખાતે ખસેડવામા આવ્યો હતો પોલીસે સંજય વાઘેલાની અટકાયત કરી ફરીયાદ નોંધી છે. ફરીયાદનાં આધારે આજીડેમ પોલીસે એસટી ડ્રાઇવર અને કંડકટર પર હુમલો કરનાર શખ્સો વિરુધ્ધ કાનુની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે બે હુમલાખોર શખ્સોની ધરપકડ કરી વધુ તપાસ કરી છે.